અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫/– આજીવન ૨૫૧/–

વિદેશમાં વાર્ષિક રૂા. ૧૬૫૦/– (વિમાનથી) આજીવન ૧૬,૫૦૦/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર– ૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧
- ADHYATMA email Addres: avgohil1@gmail.com
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'

❀ અનુક્રમણિકા ❀

સદ્‌ભાવભરી સહાય	મા સર્વેશ્વરી	૩
યોગેશ્વર વાણી	યોગેશ્વરજી	૪
શ્રી યોગેશ્વર કથામૃત– દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ (૨૨)	મા સર્વેશ્વરી	૬
નવધા ભક્તિનું સ્વરૂપ રામચરિત માનસ અને કબીરજીના જીવન કવનમાં	પ્રા. ગોવિંદભાઇ ભક્ત	૧૨
સેવા અને સત્કર્મ	રાજુ જાની	૧૯
દીવાળી ને નવા વર્ષની શુભકામનાઓ	અધ્યાત્મ પરિવાર	૨૧
આધ્યાત્મિક માર્ગદર્શન પ્રશ્નોત્તરી	યોગેશ્વરજી	૨૨
Holistic Health (સ્વાસ્થ્ય યાત્રા)	અશોક પટેલ	૨૬
રમણ મહર્ષિના જીવન પ્રસંગો	યોગેશ્વરજી	૩૦
મૃત્યુમાંથી અમૃત	જગદ્‌ગુરુ શંકરાચાર્ય	૩૪
જીવનમાં જે મળ્યું તેને ઈશ્વરની પ્રસાદી માનો	યોગેશ્વરજી	૩૮
સંત ચરણરજનું તાત્પર્ય	સ્વામી રામસુખદાસ	૪૩
સત્સંગ પૂ.માની સ્લેટનો	મયૂરી ટેલર	૪૯
એક અમેરિકન–જેણે ભારતીય બની આઝાદીની લડતમાં જેલ ભોગવી	ભવેન કચ્છી	૫૪
શું ઈશ્વર જેવું કંઇ હશે ખરું?	ડૉ. શરદ ઠાકર	૬૧

સદ્‌ભાવભરી સહાય

ઓક્ટોબર માસમાં જ જેમણે જન્મ લીધો. ૯૫ વરસનું દીર્ઘ જીવન આરોગ્ય સાથે જીવી શક્યા, પરમ ભાગ્યશાળી એ પિતાની સેવા સંતાનોએ ભક્તિભાવથી કરી. અરે, વારંવાર વિદેશ લાવી પિતાની સર્વ ઇચ્છા પૂર્ણ કરી.

એ પિતાજી શ્રી કાંતિલાલ શાહની પવિત્ર સ્મૃતિમાં આ અંક અર્પણ થઈ રહ્યો છે.

ધન્યવાદ હે પ્રભુપ્રેમી સાધક, સત્સંગી, સત્કર્મ પરાયણ, પિતૃભક્ત શ્રી ચંદ્રકાન્તભાઈ—અનસુયાબેન. આપને ફરીફરી અભિનંદન. ગુરુદેવ પ્રભુ આપનું સર્વ પ્રકારે મંગલ કરો.

—મા સર્વેશ્વરી

શ્રી યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

જ્ઞાનના પ્રકાર

જ્ઞાન બે પ્રકારનું કહેવાય છે : બૌદ્ધિક જ્ઞાન અથવા શ્રવણ, વાંચન, મનનના પરિણામે પ્રાદુર્ભાવ પામેલું જ્ઞાન અને સ્વાનુભૂતિના પરિણામે સાંપડેલું જ્ઞાન. એક પરોક્ષ જ્ઞાન અને બીજું અપરોક્ષ જ્ઞાન. એક શાસ્ત્રોનું, ગ્રંથોનું અને બીજું પોતાનું. આચરણમાં અનુવાદિત થયેલું જ્ઞાન. બંને પ્રકારના જ્ઞાન પરસ્પર પૂરક છે. સમાજમાં એ બંને પ્રકારના જ્ઞાનવાળા માનવો દેખાય છે. એક પ્રકારના માનવો સિદ્ધાંતો, આદર્શો, વ્રતો તથા નિયમોની કદી ખૂટે નહીં તેવી મોટી વાતો કર્યા કરે છે, અન્યને એમની ભલામણ કરે છે અને ઉપદેશ આપે છે, પરંતુ પોતાના જીવનમાં એમનો અનુવાદ નથી કરી શકતા. કેટલીકવાર તો એમના અનુવાદનો આગ્રહ પણ નથી સેવતા. એમને જે જ્ઞાન મળે છે તે એમનું પોતાનું નથી બનતું.

બીજા પ્રકારના માનવો બોલે છે ઓછું, પરંતુ કરવાનો આગ્રહ અધિક રાખે છે. એ સિદ્ધાંતો, આદર્શો તથા જીવનોપયોગી સુવર્ણસંદેશાને વ્યક્તિગત જીવનમાં ઉતારવાનો

સાભાર સ્વીકાર

આ પૃષ્ઠ માટેની સદ્‌ભાવભરી સહાય શ્રી કલ્પનાબેન રાજેન્દ્રભાઈ પટેલ, શ્રી રાજેન્દ્ર વી. પટેલ તરફથી.

અથવા આત્મસાત્ કરવાનો આગ્રહ રાખે છે. એવા માનવોનું મનોબળ અથવા આત્મબળ વધારે દેખાય છે. એમના જીવન બીજાને માટે ઉદ્બોધક અને પ્રબોધક બને છે. પ્રેરક ઠરે છે.

જીવનની સાચી શાંતિ અને સંવાદિતા, આદર્શો ને સિદ્ધાંતોનું પોપટ—પારાયણ કરનારાને નથી મળતી પરંતુ એમને અનુસરીને જીવનારાને મળી શકે છે. એમના જીવનમાં સ્થિરતા આવે છે એમની અંદર અસાધારણ અખૂટ આત્મબળનો આવિર્ભાવ થાય છે. એમની વાતો વિશ્વસનીય તેમજ વાસ્તવિક લાગે છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં 'જ્ઞાન વિજ્ઞાન સહિતમ્' શબ્દ પ્રયોગ કરીને સૂચવવામાં આવ્યું છે કે, બૌદ્ધિક જ્ઞાનનો અનુભવાત્મક અપરોક્ષ જ્ઞાન સાથે સમન્વય થાય છે ત્યારે જ્ઞાન સર્વાંગસુંદર, સંપૂર્ણ બને છે. તેવું જ્ઞાન સર્વ પ્રકારના અશુભ ભાવો, વિચારો, વ્યવહારોમાંથી વિમુક્તિ આપે છે. જીવનને નિર્મળ, નિર્ભય, નિર્લેપ, નિરહંકાર બનાવે છે અને અવનવો આકાર ધરે છે.

સમાજમાં બૌધિક પ્રતિભાસંપન્ન પુરુષો વધે એ આવકારદાયક છે તો પણ અનુભવસિદ્ધ ઉદાત્ત જીવનવાળા સત્પુરુષો વધે એ સમાજની સુખાકારી, શાંતિ, સ્વસ્થતા, સમુન્નતિ અને સુદૃઢતાને માટે ખૂબ જ આવશ્યક છે. આપણે એવા જ જ્ઞાની નહીં, વિજ્ઞાની બનવાનો સંકલ્પ કરીએ.

અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૯ ઓક્ટોબર—૨૦૧૬ અંક ૧

શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ (૨૨)

તા. ૧૭/૧૨/૮૨, શુક્રવાર, માગસર સુદ બીજ ૨૦૩૯, પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.

આજે પૂ.શ્રીનો નિત્યક્રમ સાડા ત્રણે શરુ થઈ જાય છે. જપ, વ્યાયામ, લેખનમાંથી નિવૃત્ત થતાં ભોજન લેવાનું બને છે.

આજે અહીંની આફ્રિકન નોકર બ્યુટીએ પૂ.શ્રીના બંધ ઓરડાનાં દ્વાર 'હરિઃ ૐ' કહીને ખોલાવ્યાં. અમને એ સાંભળી ખૂબ આનંદ થયો. તેણે અંદર આવી ઓરડો સાફ કર્યો. પૂ.શ્રીએ તેને 'હરિઃ ૐ' મનમાં દરરોજ બોલવાની વાત કરી. પછી દરરોજની જેમ બ્યુટીને આજે પણ પ્રસાદ આપ્યો. પૂ.શ્રી કહે છે : બધા ફળ વગેરે ખાઈ શકે છે, પણ આ નોકરવર્ગને કોણ પ્રસાદ આપે, કોણ ફળ આપે?—માટે આપણે એને દરરોજ પ્રસાદ આપીએ.

બે દિવસ ઉપર જ મને એકાએક પ્રકાશનાં દિવ્ય કિરણોનું ફરી દર્શન થયું. એ અલૌકિક પ્રકાશ આપણા શરીરની

આસપાસ રાસ લેતો હોય ત્યારે તે દર્શનમાં આપણે સ્થળકાળ ભૂલી જતાં હોઈએ છીએ. ફક્ત પ્રાર્થના થયા કરે : હે પ્રકાશસ્વરૂપ પ્રભુ! તને નમસ્કાર.

એ અલૌકિક પ્રકાશદર્શનથી ખૂબ ખૂબ આનંદ થયો. પૂ.શ્રીને હંમેશની વાતોની જેમ એ અનુભવની વાત કરી અને એ પ્રકાશમાંથી આકૃતિદર્શન ક્યારે થશે એ પ્રશ્ન પૂછ્યો. પૂ.શ્રીએ હંમેશની જેમ જ જવાબ આપ્યો : આકૃતિ જેમાંથી પ્રગટે છે તેના મૂળ પ્રકાશસ્વરૂપનાં જ તમને દર્શન થાય છે. પછી આકૃતિની શી જરૂર છે? છતાં તેવાં દર્શન કરવાં હોય તો પ્રાર્થના કરવી.

આજે ખીચડી, ભાજીનું શાક ને છાશનું ભોજન લીધું. ભોજન બાદ પૂ.શ્રીએ અંગ્રેજી માસિકનું થોડું વાચન કર્યું. પછી આરામ કર્યો.

સાંજે ફરીથી ગઈ કાલના સ્થળે પ્રવચન માટે જવાનું થયું.

પ્રવચન—સ્થળે સમયસર પહોંચી ગયાં. શ્રી. રતિભાઈ, શ્રી. શાંતિભાઈ, શ્રી. ડાહ્યાભાઈ અમારી સાથે હતા. ત્રણે ભાઈઓ સેવાભાવી ને ધાર્મિક છે, અને અહીંની ધાર્મિક પ્રવૃત્તિઓના પ્રાણ છે. માર્ગમાં સંતોની તથા અહીંના જીવનની વાતો થઈ. આજનું પ્રવચન 'નામજપ' ઉપર હતું.

ફરીથી એક કલાકની મુસાફરી બાદ રાત્રે ડરબન આવી જવાનું બન્યું. ખાસ નોંધવાયોગ્ય કોઈ વાત ન હતી.

તા. ૧૮/૧૨/૮૨, શનિવાર, માગસર સુદ ત્રીજ, ૨૦૩૯, પ્રિન્સ એડવર્ડ સ્ટીટ, ડરબન શહેર.

ત્રણ વાગ્યે સ્નાન. પછી એક કલાક વ્યાયામ ને તે પછી મંત્રજપ. સાત વાગ્યાથી પૂ.શ્રીની કલમ ચાલુ થઈ જાય છે. સાડા ત્રણ કલાકના લેખન બાદ તેઓ થોડો આરામ કરે છે.

પછી ભોજન. તે પહેલાં, આવેલા પત્રો હું વાંચવા આપું છું. પૂ.શ્રી કહે છે : હવે મને કોઈના પત્રો પણ વાંચવા ગમતા નથી. બધાને પત્રથી મળીને કરવું પણ શું છે?

પૂ.માતાજીની વિદાય પછી પૂ.શ્રીના સ્વભાવમાં વધારે ને વધારે ઉપરામતા આવી રહી છે.

ભોજન બાદ શ્રી. રતિભાઈ આવે છે. તેમની સાથે શ્રી રામકૃષ્ણદેવની વાતો થાય છે. આધ્યાત્મિક અનુભવો સમજવા માટે પણ પાત્રતા જોઈએ છે એ અંગે પણ ચર્ચા થાય છે.

થોડો આરામ કરીને, થોડી મિનિટો વાચન કરે છે.

આજે છ ને પંદર મિનિટે શિવાનંદ આશ્રમ, રિઝર્વહીલમાં પ્રવચન માટે જવાનું છે. ત્યાં પ્રવચન અંગ્રેજીમાં થશે.

અમગેની નદીને કિનારે દિવ્યજીવન સેન્ટરના શિવાનંદ આશ્રમમાં જ્યારે અમે પહોંચ્યા ત્યારે ત્યાંના સંચાલકોએ તથા ત્યાં રહેતાં ભાઈબહેનોએ નમસ્કાર કરીને સ્વાગત કર્યું. અમને કાર્યાલયમાં લઈ જવામાં આવ્યાં. થોડી જ વારમાં સ્વામી શ્રી સહજાનંદજી આવ્યા. થોડી વાતો થઈ. સમય થતાં પ્રાર્થના હૉલમાં જવાનું બન્યું.

પ્રાર્થના હૉલમાં એક વિશાળ મંચ હતો. મંચ ઉપર મધ્યમાં સ્વામી શિવાનંદજીની, ખુરશી પર બેઠેલી પુષ્પહારવાળી સ્મિત કરતી તસવીરનું સ્થાપન થયું હતું. એક તરફ હનુમાનજીની તસ્વીર અને બીજી બાજુ ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ હતી. ત્યાં ત્રણ દીવાઓ મૂક્યા હતા.

હૉલમાં શ્રોતાઓની સંખ્યા સારી હતી. પ્રથમ હરોળમાં જે ભાઈઓ બેઠા હતા તેમની પાસે હારમોનિયમ, મંજીરાં, તબલાં વગેરે હતું. બહેનોની પ્રથમ હરોળમાં અંગ્રેજ બહેન પણ બેઠાં હતાં.

અમારી સાથે જ સ્વામી શ્રી સહજાનંદજી પણ આવ્યા. પણ તેઓ બધા શ્રોતાઓની સાથે જ મંચની નીચે અલગ બેઠક ઉપર બેઠા. મંચ ઉપર બે બેઠકો તૈયાર હતી. તે પરની બેઠકો ને તકિયા ભગવા રંગવાળાં હતાં.

હૉલમાં પ્રવેશ્યા પછી, મંચ પાસે, શિવાનંદજીની તસવીર સામે પૂ.શ્રી થોડીવાર શાંતિથી ઊભા રહ્યા. હું ઘૂંટણીએ પડીને નમસ્કાર કરીને બહેનોની પ્રથમ હરોળમાં બેસવા જતી હતી ત્યાં જ સંચાલકોએ મને મંચ ઉપર બેસવા જણાવ્યું. તેથી પૂ.શ્રીની બેઠક પાસે જે બેઠક હતી તેના પર, ફરીથી શ્રી શિવાનંદજીને તથા પૂ.શ્રીને નમસ્કાર કરીને બેઠી.

કાર્યક્રમની શરૂઆતમાં સુંદર શાસ્ત્રીય ધૂન થઈ.

જય ગણેશ, જય ગણેશ, જય ગણેશ રક્ષ મામ્...

શ્રી ગણેશ, શ્રી ગણેશ, શ્રી ગણેશ પાહિ મામ્...

પહેલાં સ્વાગત થયું. પછી બે ભજનો ગવાયાં. ત્યારબાદ મારે પણ બે ભજનો ગાવાનાં હતાં. ભજન પછી પૂ.શ્રીએ પ્રવચન આપ્યું. 'ભારતીય સંસ્કૃતિ અને સંતો' એ વિષય ઉપર સુંદર ને મનનીય પ્રવચન અંગ્રેજીમાં થયું.

ફરીથી મારે ભજન ગાવાનું હતું, પણ થોડી ધૂન બોલાવીને અમારો કાર્યક્રમ પૂર્ણ કર્યો. આભારદર્શન કરતાં ત્યાંના સંચાલકે કહ્યું કે, ભારતીય સંસ્કૃતિ વિષે સુંદર સમજ આપતું આ પ્રવચન હતું. ત્યાં સ્વામી શ્રી શિવાનંદજીની વાતો પણ જાણવા મળી.

છેવટે આરતી થઈ. અહીં એક નાનકડી બાળા આરતી ઉતારે છે. તે પહેલાં હિન્દીમાં હનુમાનચાલીસા સમૂહમાં ગવાય છે. વાતાવરણ ખૂબ જ સુંદર લાગે છે.

આરતીની થાળી હૉલના મુખ્ય દ્વાર પાસે રાખવામાં આવે

છે. ત્યાં લાઈનમાં આવી સૌ ભાઈબહેનો આરતી લે છે. ત્યાં જ એક ટેબલ ઉપરથી ક્રમબદ્ધ સૌને પ્રસાદની કોથળી અપાય છે.

પ્રવચન બાદ સ્વામી શ્રી સહજાનંદજી હૉલની બહાર ઊભા રહ્યા. શ્રોતાઓનો મોટો વર્ગ તેમને પ્રણામ કરીને વિદાય થયો.

અમને સંસ્થાના ભોજનાલયમાં લઈ જવામાં આવ્યાં. ત્યાં ટેબલ ઉપર ડીશો, રૂમાલ અને વિવિધ વાનગીઓ હતી. કેરીનો રસ, ભજિયાં, બ્રેડ, લીલાં ને સૂકાં ફળો હતાં.

પૂજ્ય સંતો અહીં પ્રસાદ લે એવો અહીં રિવાજ છે. પૂ.શ્રી ત્યાં ગયા તો ખરા, પણ સ્વામીજીને કહ્યું કે અમે આમાંથી થોડાં ફળો પ્રસાદી તરીકે અમારી સાથે લઈ જઈએ. સ્વામીજીએ પોતાના હાથે પ્લાસ્ટિકની કોથળીમાં તે પ્લાસ્ટિકના ડબ્બામાં ફળોનો પ્રસાદ ભર્યો.

ત્યાં તો સંસ્થાના સંચાલકો પૈકીના બે ભાઈઓ પૂ.શ્રીની પાસે આવીને કહેવા લાગ્યા : આપનું આજનું પ્રવચન ખૂબ જ સુંદર હતું. અમારો આવતી કાલે પણ અહીં સત્સંગ થવાનો છે, તો આપ અમને આવતી કાલે પણ પ્રવચનનો લાભ આપો. પૂ.શ્રીએ શ્રી. શાંતિભાઈ અને શ્રી. રતિભાઈ સાથે ચર્ચા કરીને હા પાડી. અમે ત્યાંથી વિદાય થયાં તે પહેલાં આવતી કાલના કાર્યક્રમ માટે પૂ.શ્રીની મંજૂરી મળતાં સૌએ આનંદ વ્યક્ત કર્યો.

ડિવાઈનલાઈફ સેન્ટરથી ઉતારો પંદર–સોળ કિલોમીટર દૂર હતો. પણ અહીં માર્ગ સારા, વાહન સારાં, તેથી ૧૫–૨૦ મિનિટમાં તો અમે ઉતારા ઉપર આવી ગયાં.

અમારી સાથેના સૌ ભાઈઓ છૂટા પડ્યા ત્યારે, તેમને પ્રસાદમાં જે ફળો લીધાં હતાં તે આપ્યાં. એકાદ–બે ફળ અમે રાખ્યાં.

ઉતારા ઉપર આવીને આરામ કર્યો. દૂધ પીધું. થોડી વાતો થઇ.

આજના કાર્યક્રમની પત્રિકા શ્રોતાઓને આપવામાં આવી હતી, કેમ કે તેથી અહીંના પ્રવચનની આગળપાછળ કેવા કાર્યક્રમો રહે છે તેનો તેમને ખ્યાલ આવે.

શ્રી રામકૃષ્ણ સેન્ટર અને ડિવાઇનલાઇફ સેન્ટર એ બન્ને સંસ્થાઓમાં પ્રવચનની પહેલાં ને તે પછી લગભગ એક એક કલાકનો ભજનધૂનનો કાર્યક્રમ રહે છે. એટલે ત્રણ કલાકનો એક કાર્યક્રમ થાય. ભજનધૂન વિવિધ વાજિંત્રો સાથે હિન્દી ભાષામાં થાય છે. આખોયે કાર્યક્રમ રસપ્રદ રહેતો હોય છે. વિવિધ ધૂનો ને વિવિધ ભજનો સાંભળવાનો થાક કે કંટાળો વરતાતાં નથી. આખાયે કાર્યક્રમ દરમ્યાન શ્રોતાઓનો વિશાળ સમુદાય સંપૂર્ણ શાંતિથી ભાગ લે છે. કાર્યક્રમો શિસ્તબદ્ધ હોય છે.

હરિઃ ૐ

(ક્રમશઃ)

જે આપને કંઇક મેળવવાની ઇચ્છા હતી પણ આપ મેળવી ન શક્યા તો બની શકે છે કે એ મેળવવાનું આપના હીતમાં ન પણ હોય.

સારું કામ એક પળ માટે પણ મુલતવી ન રાખવું જોઇએ, વિચાર આવે કે તરત જ અમલ કરવો. લોકકલ્યાણનું કામ ધર્મ છે તેમ માની વિના વિલંબે કરો, અને ધર્મના દેવાદાર કદી ન બનો.

નવધા ભક્તિનું સ્વરૂપ રામચરિત માનસ અને કબીરજીના જીવન કવનમાં

–પ્રો. ગોવિંદભાઇ ભક્ત

પોથી પઢકે જગ મુઆ, પંડિત ભયા ના કોય;
ઢાઈ અચ્છર પ્રેમ કો, પઢે સો પંડિત હોય.

કબીરજી સંત હતા. ભક્ત–કવિ હતા. સમાજસુધારક હતા. અરબી ભાષામાં ‘કબીર’નો અર્થ થાય છે ‘મહાન’. આપણી પ્રાચીન ભક્તિ–કાવ્ય પરંપરાના મહાનતમ ભક્ત–કવિઓમાં તેમની ગણના થાય છે. ભારતમાં ધર્મ, ભક્તિ કે સંસ્કૃતિની વાત કરીએ, માનવજીવન કે માનવ–ધર્મ વિષે ચર્ચા કે વિશ્લેષણ કરીએ ત્યારે કબીરજીના ઉલ્લેખ વિના એ ચર્ચા કે વિશ્લેષણ અધૂરાં જ રહેવાનાં.

સમાજજીવનના દરેક પાસાંઓને એમણે નિકટથી નિહાળ્યાં છે. માનવજીવનની પ્રત્યેક ગુંચનો ઉકેલ કબીરજીના દોહાઓમાંથી મળી રહે છે.

એમનું જીવન અનોખું. એમની સાધના અનોખી. એમની વાણી અનોખી.

વ્યવસાયે વણકર, આખાબોલા ને સાચાબોલા. એમના જીવનની ચદરિયા શ્વેત–ઉજ્જવળ. એક એક ધાગો પ્રમાણસર ને યથાયોગ્ય રીતે વણેલો. ક્યાંય ગુંચ કે ગાંઠ નહીં, ક્યાંય ડાઘ નહીં. ચદરિયા જીની રે જીની–કબીર વિચારધારાના સમર્થક અને અભ્યાસી, કબીરપ્રેમી પ્રા. ગોવિંદભાઇ ભક્તએ તૈયાર

કરેલો આ લેખ રજૂ કર્યો છે.

—અધ્યાત્મના તંત્રી

રામચરિત માનસમાં સંત કવિ તુલસીદાસજીએ વર્ણવેલી નવધા ભક્તિ અને કબીરસાહેબ જીવનકવનમાંથી મળતા દોહા, સાખી, ભજન, પદો સંદર્ભ નવધા ભક્તિનું વિશ્લેષણ કરી ભક્તિનો મહિમા સમજીએ.

દંડકારણ્ય વનમાં સીતાની શોધમાં નીકળેલા રામલક્ષ્મણના હાથે કબંધ રાક્ષસનો વધ થાય છે. કબંધના કહેવા મુજબ રામ—લક્ષ્મણ ઋષ્યમૂક પર્વત પર સુગ્રીવની શોધ કરતાં કરતાં માતંગ ઋષિના આશ્રમે આવે છે. આ આશ્રમમાં શબરી રહેતી હતી. તે તેના ગુરુ મતંગ ઋષિની સેવા કરતી. જયારે ગુરુ આત્મસ્થ થયા ત્યારે શબરીને કહેતા ગયા કે એકાગ્ર ચિત્તે રામની સાધના કરતી રહેજે. શબરી રામને કહે છે કે ત્યારથી હું આશ્રમે કેવળ આપનું ધ્યાન કરતી રહીને આપના આગમનની રાહ જોતી રહી છું. હું અભણ નીચ જાતિની સ્ત્રી કેવી રીતે આપની સ્તુતિ કરું! તે પણ જાણતી નથી. આપ પોતે જ મારા પર પ્રસન્ન થાઓ. આપ મને કહો કે આ આપની ભક્તિ કેવી રીતે કરવી? શબરીનું ભોળપણ, રહેલાં ગુણગાનમાં મન પરોવવું—રસ લેવો. પ્રભુનાં ગુણગાન કરનાર ભક્તોની સાથે ભક્તોની પ્રીતિ આપોઆપ વધી જાય છે. અશોકવાટિકામાં, રામવિયોગમાં તડપડતા સીતાજીને પોતાનો પરિચય આપવા માટે હનુમાનજીએ ભગવાન શ્રીરામના ગુણોનું વર્ણન કરવાનું શરૂ કર્યું.

પ્રથમ ભક્તિ—સત્સંગ

પ્રથમ ભગતિ સંતન કર સંગા, દૂસરી રતિ મમ કથા પ્રસંગા. (માનસ : ૩/૩૫/૪)

પ્રથમ પાઠ સત્સંગથી શરૂઆત કરવાનું કહ્યું છે, એટલે સત્સંગમાં જવું. તમામ સંતો અને ગ્રંથોએ એકમત થઈને જિજ્ઞાસુઓને સત્સંગનો ઉપદેશ આપ્યો છે. સત્સંગમાં જવાથી જ જિજ્ઞાસુઓ ગુરુકૃપાના માધ્યમથી મુક્તિ સુધી પહોંચી શકે છે. સત્સંગથી માયાનો મોહ દૂર થાય છે.

બીજી ભક્તિ—દૂસરી રતિ મમ કથા પ્રસંગા

પરમાત્માનો મહિમા ગાવો અને તેમની કથાઓને પ્રેમથી સાંભળવી.

બીજો પાઠ સત્સંગમાં ગયા પછી પરમાત્માનાં થઈ રહેલાં ગુણગાનમાં મન પરોવવું—રસ લેવો. પ્રભુનાં ગુણગાન કરનાર ભક્તોની સાથે ભક્તોની પ્રીતિ આપોઆપ વધી જાય છે. અશોકવાટિકામાં, રામવિયોગમાં તડપડતા સીતાજીને પોતાનો પરિચય આપવા માટે હનુમાનજીએ ભગવાન શ્રીરામના ગુણોનું વર્ણન કરવાનું શરૂ કર્યું. પોતાના પ્રભુ શ્રીરામના ભક્ત જાણીને હનુમાનજીને માટે સીતાજીનો એટલો પ્રેમ વધ્યો કે તેમની આંખમાં આંસુ આવી ગયાં.

હરિજન જાની પ્રીતિ અતિ ગાઢી, સજલ નયન પુલકાવલી બાઢી (માનસઃ ૫/૧૪/૧).

ત્રીજી ભક્તિ—અભિમાનરહિત સદ્‌ગુરુ સેવા

ગુરૂપદ પંકજ સેવા, તિસરી ભક્તિ અમાન (માનસઃ ૩/૩૫)

ભક્તિ માટે ગુરુચરણોની સેવા જરૂરી છે. આ સેવા શ્રદ્ધાપૂર્વક કરવી જોઈએ અને શ્રદ્ધાનું મનમાં અભિમાન ન આવવું જોઈએ. ભક્તિ બુદ્ધિનો નહીં પરંતુ હૃદયનો વિષય છે.

તેમાં ચતુરાઈ નહીં, પરંતુ ભાવનાની શક્તિ કાર્ય કરે છે. ગુરુસેવાનો અર્થ ગુરુના શરીરની સેવા સુધી જ સીમિત નથી, કારણ ગુરૂ શરીર નહીં, પણ જ્ઞાન છે.

ચોથી ભક્તિ—નિષ્કપટભાવથી પ્રભુ પરમાત્માના ગુણાનુવાદ કરવા

ચોથી ભગતિ મમ ગુન ગન. કરહિં કપટ તજી છઠ દમ શીલ બિરત બહુ કરમા. નિરત નિરંતર ધરમા (માનસ).

આ અંગે સમજાવતાં શ્રી રામ શબરીને કહે છે કે : (૧) દમ—ઈન્દ્રિયોને તેના વિષયોમાંથી હટાવવી, (૨) શીલ—પરોપકાર, સદાચાર અને શિષ્ટતા (૩) બિરત બહુ કરમા—અને બિનજરૂરી કર્મોનો ત્યાગ. ભક્તો જીવનમાં તમામ કાર્યો પોતાના પ્રભુની પ્રસન્નતા માટે કરતા હોય છે એ જ તેમનું જીવનનું ચરમ લક્ષ હોય છે. તેથી પ્રભુ પ્રેમમાં બાધક તમામ કાર્યોનો ત્યાગ કરી દે છે. (૪) નિરત નિરંતર સજ્જન ધરમા—સંત ધર્મનો હૃદયથી હંમેશાં પાલન. સંત જીવનની મર્યાદાનું પાલન.

પાંચમી ભક્તિ—મંત્ર જાપ—સુમિરણ

મંત્ર જાપ મમ દૃઢ વિશ્વાસા પંચમ ભજન સો વેદ પ્રકાશા (રામચરિત માનસઃ ૩/૩૬/૧)

દૃઢ વિશ્વાસની સાથે ભગવાનના મંત્રનો જપ સુમિરણ કરવો એ જ વેદમાં વર્ણિત પાંચમી ભક્તિ છે. તમામ ગ્રંથો...જ્ઞાનીઓ અને વિદ્વાનોના મત મુજબ સદ્ગુરુ, દ્વારા જે બીજ મંત્ર આપવામાં આવે છે તેનો જપ કરવો શ્રેયકર છે.

છઠ્ઠી ભક્તિઃ —વૈરાગ ઈન્દ્રિયોનો નિગ્રહ—વિષયોના પ્રત્યે અનાસક્તિ.

ભક્તોના પોતાના સદ્ગુરુ પ્રત્યે પ્રેમ દૃઢ થતાં દરેક જગ્યાએ...દરેક વસ્તુમાં તેમને પોતાના પ્રભુનાં દર્શન થાય છે. ભક્તિનું મુખ્ય કેન્દ્ર સંત છે. ભગવાન રામે શબરીને આ જ વાત સાતમી ભક્તિના રૂપમાં સમજાવી છે કે મારા સંતોની મારાથી અધિક સેવા કે સત્કાર કરનાર વ્યક્તિ જ મારી ભક્તિ પ્રાપ્ત કરી શકે છે.

સાતમી ભક્તિ : —વ્યાપકકો—પ્રભુમયવિશ્વ

સાતવાં સમ મોહિમય જગ દેખા, મોતે સંત અધિક કરિ લેખા

ભક્તોના પોતાના સદ્ગુરુ પ્રત્યે પ્રેમ દૃઢ થતાં દરેક જગ્યાએ...દરેક વસ્તુમાં તેમને પોતાના પ્રભુનાં દર્શન થાય છે. ભક્તિનું મુખ્ય કેન્દ્ર સંત છે. ભગવાન રામે શબરીને આ જ વાત સાતમી ભક્તિના રૂપમાં સમજાવી છે કે મારા સંતોની મારાથી અધિક સેવા કે સત્કાર કરનાર વ્યક્તિ જ મારી ભક્તિ પ્રાપ્ત કરી શકે છે.

આઠમી ભક્તિઃ સંતોષ ધન—બીજાના દોષ ન જોવા

આઠવા જથા લાભ સંતોષા, સપને હું નહીં દેખઈ પરદોષા (માનસઃ૩/૩૬/૪)

ગુરુકૃપાથી સંત જ્યારે ભક્તિની ઉચ્ચ ભૂમિકા પર પહોંચવાની તૈયારીમાં હોય છે તે સમયે તેમને બે કામનાઓ નીચેની તરફ ખેંચતી હોય છે. ધન અને સન્માન પ્રાપ્ત કરવાની ઈચ્છા. તેથી ભગવાને કહ્યું છે કે પોતાના કર્મ અનુસાર જેટલું ધન મળે છે તેમાં સંતોષ રાખવો તથા સ્વપ્નમાં પણ કોઈના દોષ ન જોવા.

નવમી ભક્તિઃ સમભાવ—સ્થિતપ્રજ્ઞતા

નવમ સરલ સબ સન છલહીન, મમ ભરોસ હિય હરષ ન દીના (માનસઃ૩/૩૬/૩)

સરલ હૃદય હોવું અને નિષ્કપટ હોવું. નવમી ભક્તિમાં ભગવાને ત્રણ ગુણોની ચર્ચા કરી છે. (૧) હૃદયની સરળતા (૨) ફક્ત પોતાના પ્રભુ પર વિશ્વાસ રાખવો (૩) દરેક પ્રત્યે સમત્વભાવ રાખવો.

કબીરસાહેબના વચનામૃતના આધારે નવધા ભક્તિ

સદ્‌ગુરુ શ્રી કબીરસાહેબના આવિર્ભાવ વખતે સમાજ, સંસ્કૃતિ વગેરે છિન્નભિન્ન સ્થિતિમાં હતાં. અનેક પ્રકારના અંધવિશ્વાસ, મંત્રતંત્રમાં ઊલઝાતી પ્રજા, જાતિ પાતિ, છૂત અછૂત અને વર્ણોના બંધનમાં સમાજ જકડાઇ ગયો હતો. ધર્મના નામે અનેક પાખંડો ધતિંગો ચાલતાં હતાં. કર્મકાંડને જ ધર્મ માની બેઠા હતા. આવી અંધાધૂંધીની પરિસ્થિતિમાં કબીરસાહેબે સમાજ સુધારવાનું બીડું ઝડપ્યું અને આજીવન સદ્‌કાર્ય કરતા રહ્યા. કબીરસાહેબે આપેલાં વચનામૃતોમાંથી, શ્રીરામ પરમાત્માએ શબરીને ઉપદેશીલી નવધા ભક્તિને સમજવાનો પ્રયત્ન કરીએ. કબીરસાહેબના મતે ગુરુ આધ્યાત્મિક પ્રગતિ માટે અનિવાર્ય છે. મુસ્લિમ વણકર હોવાને કારણે કબીરસાહેબને હિન્દુ આચાર્ય રામાનંદે શિષ્ય તરીકે સ્વીકારવાની ના પાડી હતી. કબીરસાહેબે રામાનંદ સ્વામીને ગુરુ બનાવવા હતા તેથી કબીરસાહેબ બાળક બનીને ગંગાના ઘાટ પર સૂઇ ગયા. રામાનંદ પ્રાતઃકાળ સ્નાન કરવા આવતા. સ્નાન કરીને જ્યારે સ્વામી પાછા ફરતા હતા ત્યારે બાળકને

ઠોકર વાગતાં રડી રહ્યું ત્યારે સ્વામીએ કહ્યું કે બેટા રામ રામ કહો અને કબીરજીને રામનામનો મંત્ર મળી ગયો. આ છે કબીરસાહેબ માટે ગુરુનું મહત્ત્વ. કબીરસાહેબ કહે છે કે :

ગુરુ બીન જ્ઞાન ન ઉપજે ગુરુ બિન મિલે ન ભેદ!
ગુરુ બિન સંશય ના મિટે, જય જય ગુરુદેવ

(કબીરસાહેબની અમૃતવાણી) ગુરુ વિના જ્ઞાન મળતું નથી. ગુરુ વિના આત્મજ્ઞાનનો ભેદ પણ સમજાતો નથી. ગુરુ વિના સંશય પણ દૂર થતો નથી એટલા માટે ગુરુનો મહિમા અનંત છે. ગુરુના મહિમાનો જયજયકાર કરો.

કબીરસાહેબ કહે છે કે ગુરુ કેવા હોવા જોઇએ.

બહુત ગુરુ ભૈ જગતમેં, કોઇ ન લાગે તીર! સબૈ ગુરુ બહિ જાએંગે, જાગત ગુરુ કબીર (કબીરસાખી/૨૧)

દોષ જાણવા છતાં પણ તેનો ત્યાગ ન કરવો તે **રાગ** છે અને ગુણને જાણવા છતાં તેને ગ્રહણ ન કરવો તે **દ્વેષ** છે. રાગ ત્યાગ થવા નથી દેતો અને દ્વેષ પ્રેમ થવા નથી દેતો. ત્યાગ અને પ્રેમથી રાગદ્વેષનો નાશ થાય છે.
જો તમે વસ્તુઓનો સદ્ ઉપયોગ કરો છો, જો તમે વસ્તુઓમાં મમતા નથી રાખતા, જો તમે વસ્તુઓનો સંગ્રહ નથી કરતાં તો આપ સાચું માનજો કે આપના જીવનમાંથી ગરીબાઇ સદાયને માટે ચાલી ગઇ છે.

—સ્વામી શરણાનંદજી

સ્વર્ગારોહણમાં ભાદરવી પદયાત્રીઓ માટે

સેવા અને સત્કર્મ

—રાજુ જાની

સ્વર્ગારોહણ તીર્થના આંગણે તેર વર્ષ પહેલાં પૂ.શ્રી માએ પ્રારંભ કરેલ આરોગ્ય સેવા અને છાસ સેવાનું પર્વ અંબાજી ભાદરવી પૂર્ણિમા નિમિત્તે આવતા પદયાત્રીઓ માટે આ વર્ષ પણ તા.૧૨ સપ્ટે થી ૧૫ સપ્ટે દરમ્યાન યોજાયું.

ચાર દિવસના આ સેવાયજ્ઞમાં અંદાજે ૬૦૦૦૦ પદયાત્રીઓ પૂ.શ્રીમાની છાસની પ્રસાદી પામી હાશ પામ્યા; તો લગભગ ૫૦૦૦ જેટલા પદયાત્રીઓએ આરોગ્ય સેવાનો લાભ લીધો. સતત ચાર દિવસ ચાલતી ઠંડા પાણીની સેવા અવિરત ચાલુ રહી જેનો લાભ લગભગ બે લાખ પદયાત્રીઓએ લીધો. પગના સ્નાયુઓનો દુખાવો દૂર કરવા મસાજ/એક્યુપ્રેસર સેવા પણ ચાર દિવસ ચાલુ રહી.

આ વખતે આ સેવાઓ માટે આર્થિક યોગદાન આરોગ્ય સેવા માટે શ્રી ચંદ્રકાંતભાઇ શાહ (બોસ્ટન) મૂળ અમદાવાદ તરફથી મળ્યું. તો છાસના પર્વ માટેનો આર્થિક સહયોગ શ્રી મુકેશભાઇ તન્ના—મુંબઇ (મૂળ હારિજ) તરફથી પ્રાપ્ત થયો.

સેવાયજ્ઞમાં ઝણોરના ૧૦ યુવાનોએ આરોગ્ય સેવા આપી. તેમને સહયોગ ધર્યો સુરતના દાક્તરોએ. તો સ્વર્ગારોહણના ૫૦ જેટલા સાધક ભાઇબેનોનો સાથ તેમને સાંપડ્યો.

પૂ.શ્રી મા સર્વેશ્વરીના આશીર્વાદથી આ સેવાયજ્ઞ સફળતા પામ્યો. સ્વર્ગારોહણમાં ઉપસ્થિત સાધક—ભાઇ બહેનોએ બાકીના સમય દરમ્યાન ‘શ્રી હરિની શબ્દયાત્રા’ પૂ.શ્રી માની વર્ષ ૨૦૧૦ની ડાયરીના લેખનનું પારાયણ કર્યું. સાથે સાથે પૂ.શ્રી માએ તેમના આશીર્વાદ સંદેશ સાથે પ્રસાદ રૂપે મોકલેલા—પાંચ પદો સમૂહમાં ગાઇ અને રાત્રે તે પદો પર ગરબા પણ ગાયા, જેથી સમગ્ર કાર્યક્રમ ખૂબ સફળ અને રસપ્રદ બની રહ્યો.

આ વર્ષે અંબાજીની પદયાત્રામાં જન સંખ્યા અગાઉનાં વર્ષો કરતાં વધી અને તે લગભગ ૩૦ લાખ ઉપર પહોંચી.

ગ્રહોની અસર દૂર કરવાને માટે આપણે પોતે ભગવાનને પ્રાર્થના કરીએ, જાપ કરીએ તે હજારગણાં અસરકારક છે.

સંસારમાં સુમેળ સાધવો, એ જ સાચું તપ. તડ ને ફડ કર્યે જીવન કદી નભવાનું નથી.

કોઇપણ લાગણી કે ઊર્મિનો ઉભરો આવે, ત્યારે તેનો ઉપયોગ હરિસ્મરણના વેગમાં કરી લેવાનું ચૂકવું નહિ.

હાલતાં, ચાલતાં, કામ કરતા જો તમે હરિસ્મરણ કરશો તો તમે કામના છો, નહિતર ઉકરડે નાખવા જેવા છો.

—પૂજ્ય મોટા

દીવાળી ને નવા વર્ષની શુભકામનાઓ

આ વર્ષે દીવાળીના તહેવારો તા. ૨૮ ઓક્ટોબરે ધનતેરસથી શરૂ થઈ, તા. ૩૦ ઓક્ટોબરે દીવાળી છે અને તા. ૩૧ ઓક્ટોબરે વિક્રમ સંવત ૨૦૭૩ નું વર્ષ પ્રારંભ પામે છે. એક નવેમ્બરે ભાઈબીજ છે. આ સર્વ શુભ તહેવારો માત્ર અધ્યાત્મના વાંચકો માટે જ નહિ પણ સમગ્ર માનવજાત માટે મંગલકારી હો તેવી શુભકામના અધ્યાત્મ પરિવાર વ્યક્ત કરે છે. સાથે સાથે પૂ. ગુરુદેવ યોગેશ્વરજી ને મા સર્વેશ્વરીને પ્રાર્થે છે કે નવું વર્ષ સર્વ માનવો માટે સુખ, શાન્તિ ને આનંદ લાવનારું બની રહે તેવી કૃપા કરજો. પ્રભુ, આ દેશની પણ સર્વ પ્રકારે રક્ષા કરજો.

—અધ્યાત્મ પરિવાર

આધ્યાત્મિક માર્ગદર્શન પ્રશ્નોત્તરી

—યોગેશ્વરજી

પ્રશ્ન : એકલા જ્ઞાનથી શાંતિ ના થાય? 'હું બ્રહ્મ છું.' એમ માનવાથી જ શું મુક્તિ નથી મળતી?

ઉત્તર : જ્ઞાન કેવળ સમજવા પૂરતું હોય પરંતુ આચારમાં ઊતરેલું ના હોય તો શાંતિ થવી મુશ્કેલ છે. પોતાની જાતને બ્રહ્મ માની લો પણ કામ, ક્રોધ ને અહંતા—મમતા કે વિષયની આસક્તિ હટી ના હોય, તો મુક્તિ ક્યાંથી કહેવાય? દુર્ગુણો તથા વિષય ને વાસનાના દુષ્ટ બંધનમાંથી માણસે છૂટવાનું છે, ત્યારે જ મુક્તિ મળી શકે ને ઈશ્વરતુલ્ય બની શકાય. પોતાને ઈશ્વર માનવાથી ઈશ્વર થઈ જવાતું નથી, પણ ઈશ્વરત્વ કેળવવાથી જ તેમ થઈ શકે છે. તે વિના શાંતિ મળી શકતી નથી.

રાંધણ કળાની ચોપડી આવે છે, તેમાં દૂધપાક, પૂરી, શ્રીખંડ વગેરે કેમ બનાવવું તે વર્ણવ્યું હોય છે. પણ તે વાંચી કે સમજીને બેસી રહેવાથી કાંઈ ઓડકાર આવે કે ભૂખ શમે? જઠરાગ્નિને તૃપ્ત કરવા માટે તો તે પ્રમાણે પાકશાળમાં જઈને વાનગી બનાવવી જોઈએ. તે વિના સ્વાદ કે શાંતિ મળે નહીં. વળી દરદ થયું છે પણ સશ્રુત, ચરક કે નાગાર્જુનના ગ્રંથ વાંચીને બેસી રહેવાથી તે જાય ખરું? તેને મટાડવા માટે તે પ્રમાણે દવા કરવી જોઈએ. જ્ઞાનનું પણ તેવું જ છે. સદ્ગુરુ દ્વારા જ્ઞાનને સાંભળ્યા કે વાંચ્યા વિચાર્યા પછી તે પ્રમાણે વર્તન કરવું જોઈએ. બ્રહ્મતત્ત્વને અનુભવવા ધ્યાન, ધારણા કે ભક્તિ કરવી જોઈએ. તે વિના શાંતિ કે મુક્તિ મળે નહીં, ભૂખ પણ ભાગે નહીં.

બહુ વાંચવાની જરૂર નથી. બહુ ભાર ભેગો કરીને શું કરવું છે? જેટલું પણ જાણો છો તે પ્રમાણે વર્તવા માંડો. તમારી ભૂલો શોધો ને તેમને દૂર કરો. જપ, ધ્યાન કરવા માંડો, આવી રીતે જ તમે ઈશ્વરની પાસે પહોંચીને મુક્ત બની શકશો. યાદ રાખજો કે જ્ઞાનનું અભિમાન બહુ મોટું છે. બધું છોડાય પણ તે છોડવું કપરું છે. આ અભિમાન માણસની આડે દરેક વખતે આવે છે. તે જપ કરવા બેસે તો આ જ અભિમાન વચ્ચે આવીને તેને કહે, 'હું તો બ્રહ્મ છું. મારે વળી જપ શા?' ને માણસ જપ નહીં કરે. તે ધ્યાનમાં બેસશે તો અભિમાન વચ્ચે આવીને તેને કહે, 'હું તો પરમાત્મા સ્વરૂપ છું. મારે કોનું ધ્યાન કરવાનું?' આમ અભિમાનવશ થઇ એ જ્ઞાની ધ્યાન જપ, તપ કે કીર્તન કાંઇ જ નહીં કરે. છતાં તેની વાસના ને વિષયાસક્તિ તો ચાલુ જ રહેશે. તો શું બ્રહ્મ તમારા જેવો અલ્પ, નિર્બલ, ક્રોધી, કામી ને અભિમાની છે? જ્ઞાનના આવા અભિમાનથી સદા દૂર રહેજો. એનાથી ખૂબ ચેતતા રહેજો. નહીં તો તે તારવાને બદલે ડુબાડશે, મુક્ત કરવાને બદલે બંધનમાં નાંખશે. જીવનમાં જે કર્મ કરશો તેનું ફળ મળવાનું છે તે માટે કેવળ વિચારના જ્ઞાની બનવા કરતાં જીવનના આચરણના અનુભવસિદ્ધ જ્ઞાની બનો.

પ્રશ્ન : જ્ઞાની કે ભક્તપુરૂષના મહત્ત્વના બે–ત્રણ લક્ષણ કયાં?

ઉત્તર : મારી દ્રષ્ટિએ જ્ઞાની કે ભક્તમાં સૌથી પ્રથમ મહત્ત્વનું લક્ષણ ચિત્તની સ્થિરતા છે. અનેક પ્રક્રિયા કર્યા પછી આ સ્થિરતા સાધી શકાય છે. કામ, ક્રોધ, અભિમાન જયારે દૂર થઇ જાય ને પ્રેમ, દયા તથા નમ્રતાનો આવિર્ભાવ થાય ત્યારે

આવી સ્થિરતા આવે છે. આવા સ્થિર ચિત્તવાળો પુરૂષ સુખદુઃખ, નિંદા, સ્તુતિ કે સારામાઠા પ્રસંગોમાં શાંત રહી શકે છે. તેની ચંચળતા દૂર થઇ ગઇ હોય છે. ગીતામાં જેને દૈવી સંપત્તિ કહી છે તેની પ્રાપ્તિ વિના આ સ્થિરતા સાધી શકાતી નથી. મનની સ્થિરતા વિના ધ્યાન, નિદિધ્યાસન, ઉપાસના કે અખંડ જપ કશું જ થઇ શકતું નથી. પવન વિનાના સ્થળમાં દીવો હાલતો નથી તેવી અવસ્થા સ્થિરતા પ્રાપ્ત પુરૂષના મનની હોય છે.

આ પછી બીજું મહત્ત્વનું લક્ષણ સમતાનું છે. ભક્ત કે જ્ઞાની બધે જ પરમાત્માનું દર્શન કરે છે. કેવળ મનુષ્યમાં જ નહીં, જડમાં ને પશુપક્ષીમાં પણ તે ઈશ્વરને જુએ છે. જુદાં જુદાં નામ ને રૂપની અંદર અંતરાત્મારૂપે જે ઈશ્વર રહ્યો છે, તેનું તે દર્શન કરે છે. આથી તેમનામાં ભેદભાવ કે રાગદ્વેષ જાગી શકતા નથી. ભેદ હોય તો જ કોઇ પ્રત્યે રાગ ને કોઇ પ્રત્યે દ્વેષ થાય. જ્યાં એક ઈશ્વર જ વિવિધ વેશમાં વિલસી રહ્યો છે. ત્યાં કોના પ્રત્યે રાગ ને કોના પર દ્વેષ? તેને મોહ પામવાનું પણ ક્યાં રહ્યું? સ્ત્રીના હાડચામમાં તે આસક્ત થતો નથી. પણ તેનામાં રહેલ શક્તિરૂપી પ્રભુને નિહાળી તે અભેદ સાધે છે. બ્રાહ્મણ, ગાય, હાથી ને કૂતરો કે ચાંડાલ સૌમાં આ જ્ઞાની કે ભક્ત ઈશ્વરી પ્રકાશને જુએ છે.

ત્રીજું લક્ષણ મુક્તિનું છે. ઈશ્વરનું દર્શન કર્યું હોવાથી ભક્ત સદા માટે ગુણ કે કર્મના વિકાર ને બંધનમાંથી મુક્ત થઇ જાય છે. સર્વ કાંઇ પ્રભુનું જ છે, સર્વ કાંઇ પ્રભુ જ છે, એ ભાવમાં સ્થિતિ થવાથી તેની અહંતા ને મમતા ઓગાળી જાય છે. જ્ઞાની

પણ આત્મ સાક્ષાત્કાર કરીને સર્વત્ર આત્માનું દર્શન કરે છે. તે પણ અહંતા મમતાથી ને પ્રકૃતિના ગુણધર્મોથી મુક્ત થાય છે. આ મુક્તિથી જ પરમાનંદ, સનાતન શાંતિ કે ધન્યતા મળે છે. આને જ પરમ પદ કહેલું છે.

પ્રશ્ન : તો પછી આ સંસારમાં મેળવવા જેવી વસ્તુ કઈ છે?

ઉત્તર : એક ઈશ્વર જ મેળવવા યોગ્ય છે. સ્વરૂપનું દર્શન જ કરવા જેવું છે, તે જ જીવનનું પરમ ને આવશ્યક ધ્યેય છે.

પ્રશ્ન : તે કેવી રીતે મળે?

ઉત્તર : દૃઢ નિશ્ચય કરીને તેને માટે જરૂરી પુરૂષાર્થ કરવાથી.

પ્રશ્ન : પણ ખાવાપીવાની ને બીજી ચિંતા?

ઉત્તર : ઈશ્વરને શરણે જવાથી તમારે કોઈ ચિંતા કરવાની રહેશે નહીં. તમે એક ઈશ્વરની ચિંતા કરો. ઈશ્વરને માટે તલસો. જુઓ, તે તમારી બીજી બધી જ ચિંતા ઉપાડી લેશે. બાળક જેમ 'મા મા' કરે છે, તેમ તમે પણ તે જગજ્જનની 'મા'નો—તે પ્રભુનો આશ્રય લો, ને તેને માટે પુકારો. તે તમારી બધી જ સંભાળ લેશે.

(ક્રમશઃ)

જેટલો વખત આયુષ્યનો તેટલો જ વખત જીવ ઉપાધિનો રાખે તો મનુષ્યત્વનું સફળ થવું ક્યારે સંભવે?

—શ્રીમદ્ રાજચંદ્ર

Holistic Health
(સ્વાસ્થ્ય યાત્રા)

—અશોક પટેલ

આગળના અંકમાં આપણે પાણીના મહત્ત્વ વિષે સમજ્યા. આ અંકમાં આપણે પાણી શરીરમાં કેવી રીતે કામ કરે છે તે વિગતવાર જાણીશું, જેથી પાણી દ્વારા સ્વસ્થ રહેવાના રહસ્યને સમજી શકાય.

તમામ જીવ સૃષ્ટિ પાણી પર આધારિત છે એ નિર્વિવાદ સત્ય છે. જીવન પાણીમાંથી જ ઉદ્દભવ્યું હોવાથી શરીરમાં આશરે ૭૩% પાણી છે. શરીરની અંદર રહેલું આ પાણી ખૂબ મહત્ત્વના અને જીવન ઉપયોગી કાર્યો કરે છે. આપણું શરીર ચરબીનો સંગ્રહ કરી શકે છે પરંતુ, પાણીનો સંગ્રહ કરી શકતું નથી. આપણે શરીરમાંથી રોજ લગભગ ૨૫૦૦ મિલિ પાણી ગુમાવીએ છીએ.

૧૪૦૦ મિલિ પેશાબ દ્વારા, ૭૦૦ મિલિ પરસેવા દ્વારા
૩૦૦ મિલિ શ્વાસ દ્વારા, ૧૦૦ મિલિ મળ દ્વારા

આ ગુમાવેલા પાણીની પૂર્તિ કરવી એ દરેક વ્યક્તિ માટે અનિવાર્ય છે. જો શરીરની જરૂરિયાત મુજબ પાણી ન આપવામાં આવે તો શરીરમાં નીર્જલાવસ્થા (Dehydration) ઉભી થાય છે. લાંબા સમયની નીર્જલાવસ્થા શરીરના રોગોનું કારણ બને છે. રોજ યોગ્ય જરૂરી માત્રામાં પાણી પીવામાં આવે તો નવા રોગો પર નિયંત્રણ લાવી શકાય છે અને જુના રોગોને નિયંત્રિત

કે દૂર કરી શકાય છે. અહીં એક વાત સમજવી જરૂરી છે કે ચા–કોફી, દૂધ–છાશ, ફળોના રસો, દારૂ, ઠંડા પીણા જેવા પ્રવાહી પાણીનું કામ કરી શકતાં નથી.

વિજ્ઞાનના આધારભૂત પુસ્તકોમાં પાણીના નીચે મુજબના કાર્યો વિષે કહેવાયું છે...

૧. પાણી તરસ છીપાવે છે.

૨. તે શરીરનું તાપમાન સામાન્ય જાળવી રાખે છે.

૩. તે શરીરમાં વિદ્યુત–વિભાજ્યો વચ્ચે સમતુલા જાળવી રાખે છે.

૪. તે પોષક દ્રવ્યોની હેરફેર માટે એક પરીવાહકનું કામ કરે છે.

૫. તે શરીરમાં ઉત્પન્ન થયેલા જૈવિક કચરાના નિષ્કાસનમાં મદદ કરે છે.

૬. મોટા આંતરડામાંથી મળના નિકાલમાં મદદ કરે છે.

હવે પાણી શરીરમાં કેવી રીતે કામ કરે છે તે વિગતવાર સમજીએ...

૧. પીધેલું પાણી મોઢાની શુષ્કતા દૂર કરીને સ્વાદના કોષોને કાર્યશીલ કરે છે. પાણી વિના જીભ વિવિધ સ્વાદોને પારખી શકતી નથી.

૨. મોઢાનું પાણી આગળ વધી અન્નનળી દ્વારા જઠરમાં તથા નાના આંતરડામાં પ્રવેશે છે. પેટ અને આંતરડાની કાર્ય પ્રણાલીમાં મદદ કરે છે. પાચનતંત્રની અંદરની દીવાલો પર એક સંરક્ષણાત્મક પડ જામેલું હોય છે. જરૂરિયાત મુજબ પીવાયેલ

પાણી આ પડને જાડું બનાવી દે છે. જો આ પડ બરાબર જાડું હોય તો ખોરાકને પચાવવા માટે પેટમાં ઉત્પન્ન થતું એસીડ પાચનતંત્રને નુકશાન કરી શકતું નથી.

૩. પેટમાંથી તથા આંતરડામાંથી શોષાયને પાણી રક્તપ્રવાહમાં ભળી જાય છે. રક્તપ્રવાહમાં ભળી લોહીને પાતળું બનાવે છે. લોહી પાતળું હોય તો જ તેમાં રહેલા એમીનો એસીડ અને ઉત્સેચકો યોગ્ય રીતે કામ કરી શકે છે. તે શરીરનું તાપમાન સામાન્ય રાખવામાં મદદ કરે છે તથા પોષકદ્રવ્યોને ઓગાળીને તેમની હેરફેર કરે છે. તે લોહીમાં રહેલા લાલ કણોને કાર્યાન્વિત કરી, તેમની પ્રાણવાયુ વહન કરવાની ક્ષમતા વધારે છે.

૪. લોહીમાં રહેલું પાણી, વિવિધ પોષકદ્રવ્યોને સાથે લઈને કેશવાહિનીઓમાંથી બહાર નીકળી શરીરના કોષોની આસપાસ પ્રસરી જાય છે. આ પાણી કોઈ પણ અવયવના કોષોને એકબીજા સાથે જોડી રાખે છે. સાથે સાથે તે કોષોને પોષક તત્ત્વો પુરા પાડે છે તેમજ કોષોની અંદરથી એસીડ જેવા જૈવિક કચરાને બહાર ખેંચી કાઢે છે.

૫. શરીરમાં પાણીની માત્રા પર્યાપ્ત હોય તો કોષની બહાર રહેલું પાણી જોશભેર કોષોની અંદર પ્રવેશે છે. આ પ્રવેશ દરમ્યાન તે જળવિદ્યુત (hydroelectricity) ઉત્પન્ન કરે છે, જે બધા કોષોને ઉર્જાન્વિત કરે છે. ખરેખર ખૂબ પાણી પીવાથી વ્યક્તિ હંમેશા ચુસ્તી–સ્ફૂર્તિ અનુભવે છે.

o પાણી જ્યારે મગજના કોષોમાં પ્રવેશે છે ત્યારે તે મગજ શક્તિ વધારે છે. તે મનને શાંત અને પ્રસન્ન રાખે છે તેમજ ગાઢ

ઊંઘ લાવે છે સમગ્ર જ્ઞાનતંતુની પ્રણાલીમાં પાણી અનિવાર્ય છે.

o પાણી આંખો—નાક—કાન—જીભ અને ચામડી જેવી જ્ઞાનેન્દ્રિયોમાં પ્રવેશતી વખતે પણ વીજળી ઉત્પન્ન કરે છે. જેથી જ્ઞાનેન્દ્રિયોની શક્તિ વધે છે. જીભને સ્વાદપારખું બનાવે છે અને ચામડીને સુંવાળી રાખે છે.

o આવી રીતે પાણી શરીરના દરેક અંગોના કોષોમાં પ્રવેશ કરી તેમને ઉર્જાન્વિત કરે છે.

o હાડકામાં પ્રવેશીને આ પાણી તેમને બરડ થતાં અટકાવે છે. આપણા લોહીમાં જોવા મળતા લાલકણો, શ્વેતકણો અને પ્લેટલેટ્સ હાડકાની અંદરના પોલાણમાં (અસ્થિમજ્જામાં) બને છે. પાણી અસ્થિમજ્જાને ઉર્જાન્વિત કરીને શરીરની પ્રતિકારક શક્તિને ટોચ પર રાખે છે. સાંધાઓમાં તેમજ કરોડરજ્જુમાં આ પાણી ઊંજણનું કામ કરે છે. તે ગાદીઓને લચીલી રાખી ઘસારો અટકાવે છે.

૬. છેવટે, પાણી જૈવિક કચરાના વિસર્જન માટે મૂત્રપિંડ (kidney) અને યકૃત (liver) તરફ લઈ જાય છે.

શરીરની જરૂરિયાતો પૂરી કર્યા પછી વધેલું પાણી પેશાબરૂપે, શ્વાસમાં રહેલ ભેજરૂપે તથા પરસેવારૂપે શરીરની બહાર નીકળી જાય છે.

આગળના અંકમાં પાણીના પ્રયોગો કેમ કરવા તેની વિગતવાર ચર્ચા કરીશું.

જય કૃપાળુ મા.

(ક્રમશઃ)

રમણ મહર્ષિના જીવન પ્રસંગો

—યોગેશ્વરજી

સહાનુભૂતિ

ઈ.સ. ૧૯૪૬ની આઠમી ડિસેમ્બરે એક અંગ્રેજ દંપતીએ મહર્ષિનાં દર્શન તથા સમાગમની ઈચ્છાથી પ્રેરાઈને રમણાશ્રમની મુલાકાત લીધી.

બીજે દિવસે બપોરે અઢી વાગે અંગ્રેજ સ્ત્રી હૉલમાં આવીને બીજી સ્ત્રીઓની બાજુમાં બેસી ગઈ. પરંતુ એની બેસવાની પદ્ધતિ ભારે વિચિત્ર હતી. પલાંઠી વાળીને નીચે બેસવાનો અભ્યાસ નહીં હોવાથી એ મહર્ષિ તરફ પગને લાંબા કરીને બેઠી. એને ખબર નહીં કે ભારતીય પરંપરા પ્રમાણે એવી રીતે બેસવાનું દોષપાત્ર કહેવાય છે.

મહર્ષિના ભક્તો તથા દર્શનાર્થીઓનું ધ્યાન એના તરફ ખેંચાયા વિના રહ્યું નહીં.

એક ભક્તે એ સ્ત્રીની પાસે પહોંચીને એને પોતાની ભયંકર ભૂલનું ભાન કરાવ્યું ત્યારે એણે અફસોસ વ્યક્ત કરીને બીજા બધાની પેઠે પલાંઠી વાળીને બેસવાનો પ્રયાસ કર્યો.

એ આખીય ઘટના આમ તો ઘણી નાની હતી છતાં પણ મહર્ષિના ધ્યાન બહાર ના રહી શકી. એની અસર પણ એમના પર પડ્યા વિના ન રહી.

એ તરત જ બોલી ઊઠ્યા : ‘આ બધું સાહસ શા માટે કરવું જોઈએ? એમને આપણી જેમ જમીન પર બેસવામાં ખૂબ જ

તકલીફ પડે છે. એમના પર વધારે પ્રતિબંધો મૂકીને એમની મુશ્કેલીમાં વધારો શા માટે કરવો જોઈએ?'

થોડીક વાર અટકીને એ ફરી બોલ્યા : 'મારા પગને હૉલમાં બધા તરફ લંબાવીને બેસું છું તે હવે મારા અંતરાત્માને પણ ખૂંચે છે.'

એમણે એમના લંબાવેલા પગને પાછા ખેંચી લીધા અને તરત જ પલાંઠી વાળી.

એમનો રોજની જેમ ઊઠવાનો વખત થયો ત્યાં સુધી એટલે કે સાંજના પોણા પાંચ વાગ્યા સુધી એ એમના કોચ પર એવી જ રીતે બેસી રહ્યા.

બીજે દિવસે સવારે રોજના નિયમ પ્રમાણે ફરવાનો કાર્યક્રમ પૂરો કરીને મહર્ષિ લગભગ સાત ને પાંત્રીસ મિનિટે હૉલમાં આવ્યા ને પોતાના પગ લંબાવીને કોચ પર બેઠા. પરંતુ તરત જ પગને પાછા લઈને પલાંઠી વાળીને એ બોલ્યા : 'હું ભૂલી ગયો.'

એ પછી આગલા દિવસના પેલા પ્રસંગને યાદ કરીને એમણે કહ્યું :

'મારો અંતરાત્મા ખૂંચે છે. બધાની સામે પગને લંબાવીને બેસવાનું મને ઉચિત નથી લાગતું. મારાથી એવી રીતે નથી બેસી શકાતું.'

બપોરે પણ એ એમના નિર્ણયને વળગી રહ્યા, પરંતુ સાંજ પહેલાં સૌએ એમને ખૂબ ખૂબ પ્રાર્થના કરી એટલે એમણે પલાંઠી છોડીને પગને થોડાક લાંબા કર્યા.

એ પ્રસંગ સામાન્ય મનુષ્યોને માટે મહર્ષિના હૃદયમાં સહાનુભૂતિની કેટલી મોટી ભાવના હતી તેની પ્રતીતિ કરાવે છે.

દિવ્યદૃષ્ટિ

મહર્ષિ દિવ્ય દૃષ્ટિસંપન્ન હતા. એનું સમર્થન કરતા પ્રસંગો એમના જીવનમાં અનેક બન્યા છે.

એકવાર એમના આશ્રમમાં એક સાધક આવ્યો. એ યુવાન સાધકના મનમાં એમને એકાંતમાં પ્રાર્થના કરીને ગુરૂ કરવાની ભાવના હતી.

ત્રણચાર દિવસ સુધી આશ્રમમાં રહીને એણે મહર્ષિની આગળ એકાંતમાં આત્મનિવેદન કરવાની પ્રતીક્ષા કરી, પરંતુ મહર્ષિની પાસે કોઈને કોઈ રહેતુ હોવાથી એ પ્રતીક્ષા ના ફળી.

આખરે એક દિવસ એવું એકાંત મળી ગયું. મહર્ષિ ભોજનાલયમાંથી જમીને બહાર નીકળીને આગળ વધ્યા ત્યારે એકલા જ હતા. એ જોઈને એ સાધકે ઝડપથી જઈને એમનાં ચરણ પકડી લીધાં.

મહર્ષિ કોઈને ચરણસ્પર્શ કરવાની છૂટ નહોતા આપતા, તો પણ કોઈ પણ પ્રકારનો વિરોધ કર્યા વિના ઊભા રહ્યા.

યુવાન એટલો બધો ભાવવિભોર બની ગયો કે કશું બોલી જ ના શક્યો.

થોડાક વખત પછી મહર્ષિ ચાલી નીકળ્યા.

યુવાનને પાછળથી થયું કે અરે, આ શું થયું? માંડ માંડ એકાંતમાં ગુરૂ બનાવવા માટે વાત કરવાનો અવસર આવ્યો ત્યારે કશું બોલી શકાયું નહીં ને હવે? હવે એવો અવસર કોણ જાણે ક્યારે આવશે?

એની નિરાશાનો પાર ના રહ્યો.

પરંતુ મહર્ષિ પોતાની દિવ્યદૃષ્ટિથી સઘળું સમજી ગયેલા.

બપોરે આરામ કરતી વખતે એમણે પોતાના પરિચારકને પેલા યુવાન સાધકની વાત કરીને કહ્યું : 'એ મને ગુરુ કરવા માગે છે પરંતુ હું એનો ગુરુ નથી થઈ શકું તેમ. એની પ્રકૃતિ જુદી છે. એને કહેજો કે એ કાનનગઢ જાય ને સ્વામી રામદાસનો લાભ લે. ત્યાં એને શાંતિ મળશે.'

સાધકે એ સંદેશ સાંભળ્યો ત્યારે એની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એને જે જોઈતું'તું તે બોલ્યા કે માગ્યા વિના જ મળી ગયું. મહર્ષિમાં ગુરુ બનવાની લાલસા ન હતી અને બીજાના ગુણોનો આદર કરવાની ભાવના હતી એની એને પ્રતીતિ થઈ.

મહર્ષિનાં ચરણોમાં મસ્તક મૂકીને એણે એની અનુકૂળતાએ ઉત્સાહયુક્ત અંતરે વિદાય લીધી. એને જીવનના મંગલનો માર્ગ મળી ગયો.

મહર્ષિની દિવ્ય દૃષ્ટિને માટે એને ખૂબ ખૂબ માન પેદા થયું.

એ દૃષ્ટિએ એના જીવનમાં ક્રાંતિ કરી, જ્યોતિ ભરી ને શાંતિ ધરી.

वंदे महापुरुष ते चरणारविंदम् ।

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

મૃત્યુમાંથી અમૃત

જગદ્‌ગુરુ શંકરાચાર્ય, કાંચીપીઠ

જગતના ઘણા ધર્મો એમ માને છે કે પ્રાણી માત્રને આ જીવન મળ્યું છે તેટલું જ એને જીવવાનું છે, તે પહેલાં કદી એ જીવ્યો નથી અને આ જિંદગી પૂરી થતાં એના જીવનનો અંત આવી જવાનો છે. પ્રાણીઓમાં મનુષ્યની શક્તિઓ વધારે ખીલી છે. અને તો પણ એની દશા બીજા જીવો જેવી જ છે એમ એ ધર્મો માને છે. એ ધર્મોના પયંગબરો છે અને જીવોનો ઉદ્ધાર કરવાની મુનસફી પયંગબરો ધરાવે છે એમ એમનું કહેવું છે.

વેદધર્મની માન્યતા એથી જુદી છે. હિંદુ ધર્મશાસ્ત્રો કહે છે કે આપણે અગાઉ ઘણા જન્મ પામ્યા છીએ અને હવે પછી પણ અનેક જન્મ પામવા પડશે. જન્મ અને મરણનું એક ચક્ર ચાલી રહ્યું છે, એને ''સંસાર'' કહ્યો છે. આ સંસાર અનાદિ છે પરંતુ એનો અંત આણવો તે આપણા હાથની વાત છે. મનુષ્ય ધારે તો જન્મમરણના ફેરામાંથી છૂટી શકે એમ છે.

આત્મા નિત્ય છે, અમર છે. એને નથી જન્મ અને નથી મૃત્યુ. પરંતુ જ્યારે એ કોઈ શરીર ધારણ કરે છે ત્યારે તેણે જન્મ લીધો એમ કહેવાય છે. વખત પૂરો થાય એટલે એ શરીરને જીવાત્મા છોડી દે છે અને વળી નવો દેહ ધારણ કરે છે, એમ જન્મ પામે છે અને સંસારનું ચક્ર ફરતું રહે છે.

સંસારમાં જીવને સુખદુઃખના અનુભવ થતા રહે છે. જીવનો સ્વભાવ છે કે સુખની ઈચ્છા થાય અને દુઃખથી દૂર ભાગે. પરતું

જગતનાં સુખ એ કાચી માટીનો ઘડો, એ ટકે નહિ. એકલું સુખ કોઇને મળતું નથી, સુખની સાથે દુઃખ જોડાયેલું હોય છે. આથી સુજ્ઞ પુરુષ નિર્ભેળ અને ટકી રહે એવા નિત્ય સુખની ઇચ્છા રાખે છે. આવા સુખને આપણે આનંદ કહ્યો છે.

મનુષ્યનાં પુણ્યકર્મો હોય ત્યારે મૃત્યુ પછી પુણ્યના ફળરૂપે મનુષ્યને સ્વર્ગનાં અપાર સુખો મળે છે. પરંતુ સ્વર્ગનાં ઘણાં સુખો પણ નાશવંત છે. સુખ ભોગવે તેમ પુણ્ય ક્ષીણ થાય ને ખૂટી જાય. સ્વર્ગમાં નવાં કર્મ થતાં નથી અને પુણ્ય વધી શક્તું નથી. પુણ્ય ખૂટી જાય એટલે જીવ પાછો પૃથ્વી ઉપર આવે ને ફરી જન્મ લેવો પડે. એમ સંસારનું ચક્ર ચાલતું રહે.

આ ચક્રમાંથી છૂટી જવું એ મનુષ્યનો ધર્મ છે. એના જીવને ફરી જન્મ લેવો ન પડે એવી ભૂમિકા એણે પ્રાપ્ત કરવી જોઇએ. આ જન્મને છેવટનો જન્મ કરી લેવો એવો હિંદુ માત્રને એના ધર્મનો આદેશ છે. મૃત્યુ તો અનિવાર્ય છે, એ કોઇને છોડશે નહિ. પરંતુ મૃત્યુ થાય તે પછી બીજો જન્મ ન લેવો પડે તો જ આ જીવન જીવ્યું તે સાર્થક થાય. જન્મમરણના ફેરામાંથી છૂટી જવાય તેનું નામ મોક્ષ . મોક્ષ પામવાની પ્રબળ ઇચ્છા રાખે તે મુમુક્ષુ. આ જન્મ મોક્ષ મેળવવા માટે જ મળ્યો છે. મોક્ષ પામવો એ આ જીવનનો સૌથી મોટો ધર્મ છે.

જન્મમરણના ફેરાનો અંત શી રીતે આણી શકાય? એનો ઉપાય શોધાયો છે. નવો જન્મ નથી પામવો એવી જે ઇચ્છા કરે તેણે આ જન્મનું કારણ જાણી લેવું જોઇએ. પહેલાંના અનેક

જન્મોમાં થયેલાં કર્મોનો પરિપાક, તેને આ જન્મ સમજવો. એ કર્મોનાં પુણ્યનું ફળ ભોગવવા અને પાપ કર્યાં હોય તો તેના ફળરૂપી દુઃખ વેઠવા આ જન્મ થયો છે. ભૌતિક શાસ્ત્રમાં આઘાત પ્રત્યાઘાત (અં. એકશન–રિએકશન)નો સિદ્ધાંત છે, એવો આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ છે. પૂર્વજન્મનાં કર્મોનાં ફળ એ જ સુખદુઃખનું કારણ છે. એમ આ જન્મમાં કરેલાં કર્મનાં ફળ આગળ ભોગવવાનાં છે. એટલે સારાં કર્મ કરીને પોતાનું ભાવિ સુધારી લેવા કોણ રાજી નથી હોતા?

કર્મ એનું ફળ આપે જ છે. એમ છતાં એવી પણ રીતો છે કે એનાં ફળ જ ના થાય. જો કર્મ જ એવું હોય કે એનાં બીજ ન ફળે તો પછી નવો જન્મ કેવો? એવું કર્મ તે નિષ્કામ કર્મ. નિઃસંગત્વ વૃત્તિ રાખીને, ફળની કામના તજીને મનુષ્ય કર્મ કરે તો કર્મથી એ લેપાતો નથી. એ વૃત્તિને આપણે અનાસક્તિ કહી છે. જેણે જીવનમાંથી આસક્તિ છોડી દીધી તે મુક્ત બની ગયો. એને નથી કોઇ કામના અને નથી કશો દ્વેષ. રાગદ્વેષ હોય છે ત્યાં સુધી જ બંધન રહે છે. જેના રાગદ્વેષ છૂટી ગયા તે સૌનો મિત્ર બની ગયો, એ સૌને પ્રેમ કરશે અને સૌનાં હિત માટે યત્ન કરશે.

મનુષ્યને બંધન કરનારું એનું જ કર્મ છે, એ જીવને સંસારમાં જોડી રાખે છે. પછી એને કંઇક ગમે છે તેથી તે કરવું અને કંઇક નથી ગમતું તેથી ન કરવું આવી ગડભાંજ થતી રહે છે. આમ રાગદ્વેષના કારણે કર્મ ચાલે છે ને ત્યારે ભૂલ થઇ જાય છે કે જે

પ્રિય કે અપ્રિય છે તે કોઈક જુદી જ વસ્તુ છે. સત્ય એ છે કે આપણાથી અલગ હોય એવું કંઈ જ નથી. આપણે જ સર્વકાંઈ છીએ. આ જ્ઞાન થાય છે તેને મારું–તારું રહેતું નથી. સર્વેમાં એ પોતાને રહેલો જુએ છે. પછી પ્રિય અપ્રિય કે રાગદ્વેષનું કારણ જ રહેતું નથી અને કર્મ પણ રહેતું નથી.

આપણાથી વિશ્વ ભિન્ન છે એ અજ્ઞાન થયું. એમ કંઈક અન્ય માટે રાગ ઊપજે કે દ્વેષ તે પણ અજ્ઞાન થયું. એ અજ્ઞાન આ સંસારનું મૂળ છે. અજ્ઞાનનો નાશ કરવાની શક્તિ જ્ઞાનમાં રહેલી છે અને જ્ઞાનનો પ્રકાશ થાય તેને સમજાય છે કે આત્મા–પરબ્રહ્મની સમીપમાં રહેલો આત્મા એ જ અંતિમ સત્ય છે. મનુષ્યે આ જ્ઞાન મેળવવું જોઈએ ને મુક્ત થવું જોઈએ. સ્વર્ગની પ્રાપ્તિ કરતાં મોક્ષની પ્રાપ્તિ ચડિયાતી છે.

આપણી એ જ પ્રાર્થના હો કે **मृत्योर्मा अमृतं गमय ।**

સ્થાપત્ય કન્સ્ટ્રક્શન
પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,
બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

જીવનમાં જે મળ્યું તેને ઈશ્વરની પ્રસાદી માનો

–યોગેશ્વરજી

સને ૧૯૪૩ માં પૂ. શ્રીએ અમારા પર જે લાંબો પત્ર ઋષિકેશથી લખેલ તે સાચે જ પ્રેરણાસ્પદ છે, તે અધ્યાત્મના વાંચકો સમક્ષ રજુ કરાઈ રહ્યો છે. આ પસંદગી અમારા સાથી કાર્યકર શ્રી આશિષ ગોહિલની છે ને તે હિમાલયના પત્રોમાંથી કરવામાં આવી છે.

આ પત્ર ખૂબ લાંબો છે, એટલે તેને બે ભાગમાં વહેંચવામાં આવ્યો છે. બીજા ભાગમાં પૂ. શ્રીની તે વખતની સાધનાની દિનચર્યા તેઓએ દર્શાવી છે. જેમાં તેમની જાગૃતિ તે વખતે કેવી હતી તેનું દર્શન થાય છે. મહાનતા કે સિદ્ધિ એમનેમ નથી આવતી. તેના પાયામાં પડેલી આ સાધના આપણને તેનો ખ્યાલ આપે છે.

—તંત્રી

ભાઈ નારાયણ,

પત્ર મળ્યો, વાંચી આનંદ થયો.

પરીક્ષા તો થઈ ગઈ. એમ. એ. નો અભ્યાસ કરવાનું સારું છે, પણ તે ઘરની સ્થિતિને લક્ષમાં લઈને કરવું. મતલબ કે અભ્યાસ તો કરવો જ, પણ સાથે સાથે આર્થિક સંપાદન પણ કરવું એ યોગ્ય છે. મનુભાઈ પ્રિવિયસની પરીક્ષામાં પહેલે નંબરે પાસ થયા છે. બહુ હોશિયાર ને બુદ્ધિમાન છે. ભવિષ્યમાં એક મહાન પુરુષ થશે એમાં શંકા નહિ. ઘરે માતાજી તથા બેન બધાં મજામાં છે.

બીજું કંઇ પણ લખતાં પહેલાં ફરી વાર કહી દઉં કે તારામાં કોઇ પણ ગુણ મુખ્યત્વે હોય તો તે સ્પષ્ટતાનો છે. જે હોય તે જરાય સંકોચ વિના સ્પષ્ટ કરવું એ બહુ જ ઉત્તમ ને પ્રશંસનીય ગુણ છે અને એ ગુણ જેનામાં હોય છે તે ધીરે ધીરે પોતાની વિશુદ્ધિ સાધીને આખરે મહાન કક્ષાએ પહોંચી શકે છે એ નક્કી સમજવું. જો માણસ સમજે તેટલું સહેલાઇથી આચરી શકતો હોત તો પૂછવાનું જ શું હતું? મુક્ત થતાં વાર જ ના લાગત. પરંતુ વસ્તુતઃ તેમ નથી. બારીકાઇથી જોતાં જણાશે કે મનુષ્યના હૃદયમાં દૈવી ને આસુરી વૃત્તિઓ વચ્ચે યુદ્ધ ચાલ્યા જ કરે છે. એક વૃત્તિ માણસને ઊંચે ચઢાવવા મથે છે. બીજી તેને નીચે પાડવાનો પ્રયત્ન કર્યા કરે છે. પરંતુ સતત અભ્યાસથી આ વૃત્તિઓ પર વિજય મેળવી શકાય છે. જે માણસ પોતાના હૃદયનો સતત અભ્યાસ કે તેનું પરીક્ષણ કરતો રહે છે ને વારંવાર પડવા છતાંય કરોળિયાની જેમ ઊભો થઇને પ્રયત્નમાં લાગ્યો જ રહે છે, તે અંતે જરૂર જીતે છે ને વૃત્તિ તેને વશ થાય છે. સાધારણ પ્રકારનાં મનુષ્યો જીવન કે સંસારના થોડાશા ફટકા પડતાં ગભરાઇ જાય છે, હતાશ થઇ જાય છે, ને ઘણીવાર જીવનને દુઃખમય માની તેનો ઘાત કરવાની મુર્ખાઇ પણ કરી બેસે છે. જ્યારે કોઇક ઉચ્ચ કોટિના મનુષ્યોનું તેવું નથી. તેઓ જીવનમાં નિરાશા અનુભવે છે ખરા, પરંતુ આશાને છોડતાં પણ નથી. થોડી વાર સુધી જીવનના કડવા અનુભવો તેમના પર અસર કરે છે પરંતુ વળી પાછા તેઓ મનનું સમાધાન કરી લે છે. ને જીવનમાં પ્રયત્નપૂર્વક ઝંપલાવે છે. આનાથી પણ ઉચ્ચ કોટિ છે. તે કોટિના મનુષ્યોને નિરાશા કે સંકટો તથા કડવાશની અસર

જ થતી નથી. તેમની આશા એટલી ભારે હોય છે કે લાખો નિરાશા આવે તોય, તેઓ પૂર્ણ ધીરજ ને ઉત્સાહથી કાર્ય કર્યે જાય છે. આવા પુરુષો વિરલ હોય છે. પરંતુ તેવી સ્થિતિ કેળવ્યા વિના છૂટકોય નથી. વારંવાર આવતા શોક ને દુઃખને વશ થનારા મનુષ્યોમાં બે ખોડ છે. એક તો તેમનામાં ઈશ્વરની નિષ્ઠા નથી તે તથા તે એટલી સ્વલ્પ સ્થિતિનો છે કે વૃત્તિઓ તેને રમકડાંની જેમ રમાડ્યા કરે છે. મોહ આવે છે ને તેને મોહિત કરે છે તથા રાગદ્વેષ પણ તેની આગળ ફાવી જાય છે. પરંતુ જેણે પોતાનું જીવન ઉન્નત બનાવવું હોય તેણે તો આ સ્થિતિ જીત્યે જ છૂટકો. માટે જ મનને વારંવાર સમજાવવાનું છે—**રે મન, કદિ નિરાશ ન થા.**

વૃત્તિઓને વશ કરવાના તથા મનને જીતવાના અનેક ઉપાય છે. જેમ કે (૧) ઈશ્વરને શરણે જવું. (૨) મન કહે તે ના કરવું. (૩) મનનું પરીક્ષણ કરતા રહેવું. (૪) સત્સંગ (૫) સુંદર પુસ્તકો, સુંદર સ્થાનો ને પુરુષોનો પરિચય કેળવવો. (૬) પ્રાર્થના. (૭) થોડો ને સાત્ત્વિક આહાર. (૮) સેવાના કાર્યમાં લાગ્યા રહેવું. (૯) ઉન્નત ને ઉચ્ચ ભાવનાઓ કરવી. (૧૦) વારંવાર ધ્યાન તથા જપ વગેરે. પરંતુ સુંદર ને સહેલો ઉપાય ઈશ્વરનું શરણ છે. ઈશ્વરના શરણથી દુઃખોનો નાશ થઇ જાય છે. ભય, ક્રોધ, દ્વેષ વગેરે વસ્તુઓ ઈશ્વરનું શરણ લેતાં પલાયન થઇ જાય છે. જીવનમાં હર્ષ—શોક કે નિંદા—સ્તુતિના પ્રસંગો પણ આવા માણસોને સ્પર્શી શકતા નથી.

આ શરણ શું છે? જેને શરણે જવાનું હોય છે તેનામાં એક તો આપણને પૂર્ણ શ્રદ્ધા હોય છે ને બીજું ગમે તેવાં સંકટમાં તે આપણી રક્ષા કરવા સમર્થ છે, એ આપણી સમજ હોય છે.

આપણે ઈશ્વરનું શરણ લઈએ તો જે વાતાવરણમાં આપણે મુકાઈએ તે સર્વમાં આપણે આનંદ માણતાં શીખવું જોઈએ, કેમ કે ઈશ્વરે જ આપણને તે વાતાવરણ આપ્યું છે ને તે આપણા સારાને માટે જ હોવું જોઈએ. સાંસારિક સંકટોમાં પણ આનંદ જ માનવો કેમ કે એ પણ ઈશ્વરની પ્રસાદી જ છે. આપણા ભલાને માટે જ ઈશ્વરે તે સંકટો મૂક્યાં છે એમ સમાધાન કરવું. આવા માણસને સંકટો શું કરી શકે? તે તો પુત્રપ્રસવ થાય ત્યારેય આનંદમાં રહે ને કોઈ મરી જાય ત્યારેય ખુશ રહે. આ સ્થિતિ બહુ સુંદર છે ને તેને જ ગીતાએ તેરમા અધ્યાયમાં **નિત્યં ચ સમચિત્તત્વં ઈષ્ટાનિષ્ટોપપત્તિષુ ।** (ઈષ્ટ તેમજ અનિષ્ટની પ્રાપ્તિમાં સમાનતા રાખવી.) એમ કહીને વર્ણવી છે. અલબત્ત, પ્રાર્થના, મનનું પરીક્ષણ, સંગ વગેરે વસ્તુઓ પણ બહુ લાભ કરે છે, પણ સાથેસાથે આ શરણાગતિ ભાવ રાખવાથી ઘણું કલ્યાણ થઈ શકે છે. આવા માણસને જીવનમાં કદી પણ હતાશ થવાનો પ્રસંગ આવતો નથી.

વ્હાલા ભાઈ, જીવન તો એક મહાન વિદ્યાલય (યુનીવર્સીટી) છે. જેની આંખ ઉઘાડી છે તે તેમાંથી ઘણું ઘણું શીખી શકે છે. સારાયે આધ્યાત્મિક વિકાસનો પાયો જીવનમાં અને તે પણ દુનિયાની વચ્ચે તો નખાય છે. એમાં જે કડવા મીઠા અનુભવો થાય છે તે ન થતાં હોત તો માણસ કસાત કેવી રીતે? સાચી રીતે જોઈએ તો જીવન એક ક્રિડાસ્થાન છે. તે એક જલબિંદુ વિનાના રણ જેવું પણ થઈ શકે છે ને તે નંદનવન એક નરક કરતાં પણ ભયંકર બની શકે છે, પણ તે કોને માટે? જે સ્વાર્થને માટે બીજાના સુખને છેદવા મથે છે તેને માટે. જે કામ ને ક્રોધથી ભરેલા તથા દુન્યવી લાલસાઓથી દબાયેલા છે તેમને

માટે. જગત ને જીવન બેય ખરે જ નરક સમાન ને દુઃખદાયી છે. પરંતુ જે બીજાના સુખમાં સુખ માને છે, જેણે પોતાનું સર્વ કાંઈ ઈશ્વરના ચરણામાં ધર્યું છે ને જે પ્રસંગો આવે તેમાં તેની પ્રસાદી સમજી તૃપ્ત રહે છે તેને માટે જીવન એક આનંદનું ઝરણું બની જાય છે. આ અનુભવ કરવાની શક્તિ ના હોય તે જીવન ને દુનિયા છોડીને નાસે. આખાયે વિશ્વની માતા એવી ગીતાને જોઈએ તો જણાય છે કે કોઈ પણ ઠેકાણે તેણે એમ નથી કહ્યું કે સુખ, શાંતિ કે આનંદ ને મુક્તિ માટે દુનિયાનો ત્યાગ કરો. તે તો કહે છે કે બહારની દુનિયાને નહિ પણ તમારા અંતરમાં રહેલી કામ—ક્રોધની દુનિયાને જ તજો. **કામક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્રયં ત્યજેત ।** આખીયે ગીતાનો ઉપદેશ જો ગૃહસ્થીએ સમજવો ને આચરવો હોય તો તે **મામનુસર યુદ્ધય ચ** (મારું સ્મરણ કર ને યુદ્ધ કર.) એ શબ્દોમાં છે. બસ, આટલું જ યાદ રાખો ને આખી ગીતાને ભૂલી જાઓ તોય કંઈ વાંધો નથી. ઈશ્વરની નિષ્ઠાને જાગ્રત રાખો ને સંસારનાં કાર્યો કરતા રહો. સંસારમાં મુક્તાવસ્થા અનુભવવાનો આ રામબાણ ઉપાય છે.

(ક્રમશઃ)

ભગવાન ઘણીવાર આપણી મુલાકાતે આવતો હોય છે, પણ મોટે ભાગે આપણે ઘરે હોતા નથી, આપણું ઘર બંધ હોય છે.

લોહી લેતાં પહેલાં ગ્રુપ ચેક કરાય છે, પૈસા લેતાં પહેલાં જરા ચેક કરજો, એ કયાં ગૃપનો છે? ન્યાયનો છે? હાયનો છે? કે હરામનો છે? ખોટા ગૃપનો પૈસો આવી જવાથી આજે ઘર ઘરમાં અશાંતિ, ક્લેશ, કંકાસ અને બીમારી છે.

સંત ચરણરજનું તાત્પર્ય

સ્વામી રામસુખદાસજી

શ્રીભગવાન અને તેમના ભક્તોનો મહિમા અપાર છે. એ બંનેમાં પણ આપણા લોકોને માટે ભગવાન કરતાં સંત–મહાત્માઓનો મહિમા જ વિશેષ છે; કેમ કે તેઓ આપણને પ્રત્યક્ષ રીતે કામ લાગે છે. જે રીતે સમુદ્ર તો બહુ મોટો છે, પણ આપણને પાણી વાદળાં મારફતે મળે છે, તેથી આપણે માટે તો વાદળાં જ મોટાં છે. તે જ પ્રમાણે આપને તો સંત–મહાત્માઓ દ્વારા જ લાભ થયો છે અને થાય છે; તેથી આપણે માટે સંત જ મોટા છે.

વિવિધ સંપ્રદાયોમાં મોટા–મોટા મહાપુરુષ થયા છે; તેમના દ્વારા અનેક માણસોને બોધપાઠ મળ્યો છે, જેથી તે માણસો વિશેષતા પ્રાપ્ત કરી શક્યા છે. જે મહાપુરુષ પાસેથી માનવ–જાતને જ્ઞાન લાધ્યું છે, તે મહાપુરુષોનો મહિમા જેટલો ગાઈએ, તેટલો ઓછો છે; એવા મહાપુરુષોની ચરણ–રજનું ઘણું મહત્ત્વ છે. તેમની ચરણરજનું માહાત્મ્ય કહેવાનું તાત્પર્ય તે મહાપુરુષોના મહિમામાં છે કે તેઓ જ્યાં હરેફરે છે, ત્યાંની રજ પણ પાવન બની જાય છે. જ્યારે તેમના ચરણ–સ્પર્શમાત્રથી રજ પવિત્ર થઈ જતી હોય તો તેઓ પોતે કેટલા પવિત્ર હોય!

કેટલાક લોકો વિચારે છે કે આપણે સંતોની ચરણરજ લઈ લઈશું તો આપણું કલ્યાણ થઈ જશે; આથી જો સંત નહીં લેવા દે તો છુપાઈને કે ચોરી છૂપીથી લઈ લેશું. ભાઈ! એનાથી કલ્યાણ નહીં થાય, ઉદ્ધાર નહીં થાય. અગર તે (સંત)ની ચરણ–રજથી

ઉદ્ધાર થઈ જાય તો તે ચરણ–રજની પોટલી બાંધીને કૂવામાં નાંખી દેવી, પણ આ બિલકુલ ફાલતુ (નકામી) વાત છે. ધૂળમાં ધૂળ છે, એટલે કે ધૂળમાં શું પડેલું છે! તાત્પર્ય એ છે કે સંતોનું એટલું માહાત્મ્ય છે કે એમની સ્પર્શેલી હવા, ચરણ–રજ વગેરે પરમ પવિત્ર હોય છે. તેમનાં દર્શન પણ પરમ પવિત્ર કરનારાં હોય છે. પણ મૂળ માહાત્મ્ય તો ભાઈ, તેમના જ્ઞાનનું છે.

અહીંયા ચરણ–રજને સ્વીકારવાનું તાત્પર્ય તેમની અનુકૂળતાનો સ્વીકાર કરવાનો છે.

સંતોની કૃપા ક્યારે થાય છે? તેમના મનને અનુકૂળ બનવાથી. જે રીતે વાછરડો આવીને ધાવવા માંડે છે, ત્યારે ગાયના શરીરમાં રહેનારું દૂધ થાનમાં આવી જાય છે, તે જ પ્રમાણે જ્યારે કોઈ શ્રદ્ધા–પ્રેમપૂર્વક સંત–મહાપુરુષને પ્રશ્ન પૂછે છે, ત્યારે તેમનું સમસ્ત જ્ઞાન બુદ્ધિ, મન એની વાણીમાં આવવા માંડે છે, ટપકવા માંડે છે. આ સઘળું તેમને અનુકૂળ બનવાનો મહિમા છે, ધૂળ અથવા માટીનો મહિમા નથી.

આવા સંતો પાસે સરળ હૃદયથી જવું. પોતાની વિદ્વત્તાના દેખાડા ખાતર, ચતુર કહેડાવવા ખાતર, સવાલ પૂછવા નહીં. પોતાના હૃદયની ગાંઠ ઉકેલવા ખાતર, આપણી મૂંઝવણ દૂર કરવા માટે સરળતાથી સવાલ પૂછવા–તો વિશેષ લાભ લઈ શકશો.

સાધનાની બાબતમાં જાણવા માટે સવાલ પૂછવા કે કઈ સાધના કરવી? અહીંયાં સુધી તો પહોંચી ગયા, આ પછી કઈ સાધના કરવી–આ રીતે જાણીને આગળ વધાય તો ઘણા લાભની વાત છે.

સંત—મહાત્માઓને આપણી ખાસ ગરજ હોય છે. જે રીતે માને પોતાના બાળકની યાદ આવે છે. બાળકને ભૂખ લાગતાં જ મા પોતે જ ચાલીને બાળકની પાસે ચાલી આવે છે—તે જ પ્રમાણે સંત—મહાત્મા સાચા જિજ્ઞાસુઓની પાસે ખેંચાઇ આવે છે.

જે પ્રમાણે નાનું બાળક માત્ર માતાનું દૂધ જ પીએ છે, અનાજ—પાણી વગેરે કંઇ પણ લેતું નથી; જો તે બીમાર પડી જાય તો માએ દવા લેવી પડે છે; તેનાથી બાળક સાજું થઇ જાય છે; કારણ કે તે ફક્ત માનું દૂધ જ પીએ છે. તે જ પ્રમાણે માત્ર પરમાત્મતત્ત્વને જાણવાની આતુરતાવાળા સાધક સંત—મહાત્માઓની કૃપાને આશ્રિત રહે છે. પોતાનું જરાપણ ડહાપણ ડહોળતા નથી, પોતાનું સહેજ પણ અભિમાન રાખતા નથી. 'મારું શું અને કેમનું થશે?'—એવી જરા પણ ચિંતા કરતા નથી. એ સંત—મહાત્મા જે કંઇ કહે, સમજાવે—તે મુજબ જીવન ઘડવાનું છે, એવો જેમનો ભાવ થઇ જાય છે; તે સાધકોના ઉદ્ધારને ખાતર એ સંત—મહાત્માઓએ પ્રયાસ કરવો પડે છે, એટલે કે એ સાધકોને મફતમાં એ તત્ત્વ પ્રાપ્ત થઇ જાય છે. જે રીતે માત્ર માનું દૂધ પીનારા બાળકને ભોજનની કે દવાની જરૂર રહેતી નથી, તે જ પ્રમાણે માત્ર સંત—મહાત્માઓની કૃપાના આશ્રયે રહેનારો જ તેમની ચરણ—રજ લેવાની છે. તેમનાં ચરણોની રજનું, ધૂળનું માહાત્મ્ય નથી; પણ તેમને અનુકૂળ બનવાનું માહાત્મ્ય છે.

'અમે ધૂળથી પણ નીચા છીએ'—એ ભાવ સેવીને આપણે એમની (સંત મહાત્માઓની) પાસેથી ઘણી મોટી (મહાન) વસ્તુ લઇ શકીએ છીએ. આપણે નાના બનીને, જિજ્ઞાસુ બનીને, આપણું ડહાપણ, જીદ છોડીને માત્ર સંત—મહાત્માઓને આધીન થઇ જઇએ તો તે આપણને સંત બનાવી દે છે. કહેવાયું છે—

પારસ મેં અરુ સન્ત મેં, બડો અન્તરો જાન।
વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન॥

પારસમાં અને સંતમાં ઘણો તફાવત છે. પારસ લોખંડને સોનામાં ફેરવી શકે છે. પણ તે સોનું બીજા લોખંડમાંથી સોનું નથી બનાવી શકતું; પણ સંત—મહાપુરુષોની કૃપા મેળવેલ પુરુષ તો એવા સંત બની જાય છે કે તે બીજા લોકોને પણ સંત બનાવી દે છે. ત્યાં સોનું જ નહીં, પારસની ખાણ ખૂલી જાય છે.

એક બીજી પણ વાત છે કે ધનવાન કદી બીજાને ધનવાન બનાવવા માંગતો નથી. તે તો વેપારની વાત પણ બીજાને જણાવવા માંગતો નથી. પણ જે સંત—મહાપુરુષ છે, તેમને જે કંઇ પણ લાભ થયો હોય, તે સૌને જણાવવા માંગતા હોય છે. એમના મનમાં એ બધું જણાવવાની ઘણી આતુરતા હોય છે. તેમની વાત કોઇ માની લે છે તથા તે મુજબ સાધના કરે છે, તો તે સંત—મહાત્મા બહુ ખુશ થાય છે અને એમની આ ખુશીમાં જ જીવનું કલ્યાણ સમાયેલું હોય છે.

ઉપર ઉપર સેવા કરો, દડંવત્ કરો, નમસ્કાર કરો, રજ ઉપાડો, એઠું ખાઓ—એ બધી નકામી વાતો છે. અશ્રદ્ધા જન્માવનારી વાતો છે, દુનિયામાં નાસ્તિકતા પેદા કરનારી વાતો છે. સંત—મહાત્માઓના કહ્યા મુજબ જીવન ઘડવું, તેમણે સ્થાપેલા સિદ્ધાંતો પાળવા, બરાબર તે જ રીતે આપણું જીવન બનાવીએ—તો તમે લોકો દુનિયાનો ઉદ્ધાર કરી શકો છો.

એ તત્ત્વને પામવા માટે માત્ર આતુરતા અને ભૂખ હોવી

જોઈએ. જે પ્રમાણે બાળકને દૂધની ભૂખ ઉપડતાં તેની સગવડ થઈ જ જતી હોય છે, માને દૂધ નહીં આવે તો બીજેથી થશે. માના દૂધની તો ખોટ પણ ઊભી થઈ શકે છે; પણ ભગવાન અને સંત—મહાત્માઓની શક્તિ તો અપાર, અનંત છે, જેની કોઈ સીમા નથી. તે ઉપરાંત એક બીજી પણ વિલક્ષણતા છે કે સંતોનું જ્ઞાન જેટલું વધારે ખરચાય, તેટલું જ વધારે વધતું જાય છે. કહ્યું છે કે—

હે સરસ્વતી! તારો કોઠાર, ભંડાર કે ખજાનો અપૂર્વ છે, વિલક્ષણ છે. બીજો ખજાનો તો જેમ—જેમ ખર્ચીએ, તેમ તેમ તેનો નાશ થતો જાય છે, તેમાં કમી આવે છે. પણ તારા ખજાનામાં તો ખર્ચ કરવાથી વૃદ્ધિ થાય છે. બ્રહ્મવિદ્યા તો એનાથી પણ વિલક્ષણ રીતે વધે છે, ઉભરાઈ જાય છે. તેથી ચરણ—રજનું તાત્પર્ય એ તત્ત્વને જાણવાની જિજ્ઞાસા છે.

જ્યારે સંત—ચરણ—રજ અને સંત—દર્શનનો પણ આટલો મહિમા છે તો તેઓ જે ચીજને કારણે આટલા મહાન બન્યા છે, તે ચીજ કેટલી અગત્યની હોવી જોઈએ. તે ચીજ આપણને સહુને મળી શકે છે. સંત—મહાત્માઓની લાલસા રહે છે કે એ ચીજ સૌને વહેંચી દેવાની. એ ચીજ આપવાની જેટલી આતુરતા સંત—મહાત્માઓની હોય છે. તેટલી લાલસા લેનારમાં હોતી નથી. જે રીતે બાળક પ્રત્યે માતાની જેટલી આતુરતા હોય છે, તેટલી માતા પ્રત્યે બાળકની હોતી નથી. તેવું જ અહીંયા પણ છે.

સામાન્ય માણસમાં પોતાના કલ્યાણની એટલી ચિંતા હોતી નથી, જેટલી તે મહાપુરુષોના મનમાં એ માણસના કલ્યાણની

હોય છે. મહાપુરુષો ઇચ્છે છે કે જલદીમાં જલદી અને સુગમતાથી તેમનું કલ્યાણ થઈ જાય. સંતમહાપુરુષોની અંદર તો કલ્યાણનો ખજાનો ભર્યો પડ્યો છે, પણ સાચા હૃદયથી ચાહનારા હોવા જોઈએ. ભગવાનની કૃપા હોવા છતાં પણ વગર આતુરતાએ, વિના લાલસાએ ભગવાનની પ્રાપ્તિ થઈ શકે નહીં.

આજે સંસારમાં નાસ્તિકતા ફેલાઈ રહી છે. લોકો ઈશ્વરને, સંતોને અને શાસ્ત્રોને માનતા નથી, એનું કારણ એ જ છે કે લોકો અસલી તત્ત્વ તરફ તો ધ્યાન આપતા નથી અને નકલી વાતો આચરતા રહે છે. જેમ કે એઠું ખાવું, ચરણ—ધૂલી લઈ લેવી વગેરે. આ ઉપરની વાતોથી લાભ થતો નથી ત્યારે કહે છે કે ભાઈ! સંતોની ચરણ—રજનો અને એઠું ખાવાનો મહિમા ખોટો છે; કેમ કે અમે તેનું સેવન કર્યું, પણ અમને કોઈ ફાયદો થયો નહીં.

આજનો પ્રશ્ન હતો—સંત—ચરણ—રજનું તાત્પર્ય શું છે? તો ભાઈ, એનું તાત્પર્ય તો તેમણે જે પામી લીધું હોય તે તત્ત્વમાં છે. એ તત્ત્વને લેવું જોઈએ.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧

સત્સંગ પૂ.માની સ્લેટનો.

—સંકલન : મયૂરી ટેલર

૦૧ સપ્ટેમ્બર, ૨૦૧૬.

શ્રીમા :— આપણે કોઈપણ સંત કે સંસ્થા સાથે જોડાઈએ ત્યારે આપણી જવાબદારી ખૂબ વધી જાય છે. એક સામાન્ય વાત—દીકરી લગ્ન કરીને સાસરે જાય ને કંઈક ના આવડે તો તરત જ સાંભળવું પડે છે કે તારી માતાએ તને આટલું પણ નથી શીખવાડ્યું? આ રીતે સ્વર્ગારોહણમાં આવતાં દરેક યાદ રાખે કે આપણું એક પણ નાનું કે મોટું વર્તન કે વાણીની અસર ઘણી મોટી અને મહત્ત્વની હોય છે. તમે અહીં ડાહી ડાહી વાત કરો ને દરવાજેથી બસ પકડીને એક જગ્યા માટે જો બાંય ચઢાવો તો કોનું નામ દીપાવો છે? એટલે સતત જાગતા રહેવાનું છે. સ્વર્ગારોહણનું પ્રતિબિંબ બનવાનું છે. ગુરુની ચમક જીવનમાં બતાવવાની છે. આજે સ્વર્ગારોહણની ન્યૂઝ ચેનલમાં સાંભળ્યું છે કે આજે ભોજન પછી જ બધાની ફલાઈટ ઉપડવાની છે. તો જનારને ૧૦૦ સલામ ભરીને મૌન એકાંતનો સાથ ધરવો છે.

આજે સંસારે જતી ટ્રેનમાં કોણ કોણ નથી બેસવાના? દિવેલીયા મોઢા સાથે નહીં, સરબતીયા મોઢા સાથે. અંદરના પ્રભુને મળવા જવાનું છે. કબીરજી કહે છે ''કરલે શૃંગાર ચતુર અલબેલી, સાજન કે ઘર જાના હોગા''. ક્ષણ હો ન હો, સંસારી ટ્રેન તો ઊપડી જશે, પછી આપણે કંઈ પ્લેટફોર્મ પર રડતાં થોડું બેસવાનું છે? હસતાં હસતાં સર્વ વળગણોને ખંખેરતા ખંખેરતા

પ્રભુની સામે હાજર થવાનું છે. એટલે જ તો આ સ્થાનનું (સ્વર્ગારોહણ) સર્જન છે. સ્વર્ગારોહણની ધરતીને પણ ખોટું ના લાગે, ઓછું ના આવે—માટે પણ વિશેષ સાધનાના શણગાર સજવાના છે. કેટલા દિવસ મૌનનો પ્રયોગ કરવો છે? ૧ કલાક, ૨ કલાક, ૧ દિવસ કે ૨ દિવસ? જેની જેટલી ઈચ્છા હોય, કોઈને પણ નડ્યા વગર, કોઈને પણ અડ્યા વગર. અહીં પ્રયોગ તો એવા થયા જ છે. પાછો એક પ્રયોગ કરી લઈએ. બધી જ બેઠકો બંધ. દરેક પોતાની બેઠક પ્રભુ સાથે જ ગોઠવીને પાકી કરે. સવારે મૌન વંદના—બપોરે ભોજન—રાત્રે મૌન વંદના. આપણે એ ક્રમ સફળતાથી પાર પાડ્યો જ છે. આ વરસથી તો સ્વર્ગારોહણની બંને નવરાત્રી અજયભાઈ મૌન રાખીને મૌન પર્વ મનાવે. મૌન—મૌન—મૌન. તો જાગૃતિ વધશે, તો સાધનાની ગતિ વધશે, સમય બચશે, ને પ્રભુ પાસે આવશે.

(સાંજની સત્સંગની બેઠક)

આજે સાંજની સત્સંગની બેઠકમાં સંખ્યા ઘણી ઓછી છે. તો (મા) કહે હાશ, આજે ઘઉં સારી રીતે ચળાઈ ગયા. ભક્તો ને સ્વજનોના પગલાં અહીં સ્વર્ગારોહણમાં પડતાં રહેશે તો જ કાર્ય થયા કરશે. (સત્કર્મ માટે) જ્યારે જ્યારે સમય મળે તો અચૂક સ્વર્ગારોહણ આવતાં રહો. એક—બે નાની વાત સાંભળી લો. અહીં પૂ.શ્રી પાસે ઘણાં બધાં કવરો મૂકે છે, યથાશક્તિ જે કાંઈ મૂકે છે, તેમાંથી ગુપ્ત સહાય થતી રહે છે. વિધ્યાર્થીઓને ફી પણ પહોંચતી રહે છે. હમણાં ૩—૪ દિવસથી બે કવર પૂ.શ્રી પાસે હતાં. એમાં પત્ર હતો, પણ નામ ન હતું. એ તો અનુમાન કરીને ફોન કરાવ્યો તો તે જ વ્યક્તિએ તે કવર મૂક્યું હતું અને પછી

એટલી ચોકસાઇ કરીને ઓફિસમાંથી તેની રસીદ લીધી. બીજી એક વાત. એક બહેને એક કવર મૂક્યું તેમાં લખ્યું "બેન શ્રેયાની સ્મૃતિમાં (મા) ને જ્યાં યોગ્ય લાગે ત્યાં વાપરે." બેન શ્રેયા નામની એક ૧૦ વર્ષની જન્મથી જ અપંગ દીકરી હતી. તેણે વિદાય લીધી. તો તેના વડીલોએ રકમ મૂકી. હવે એ કવર કયાં વાપરવું? એટલે યાદ આવ્યા સ્વર્ગારોહણના લાઇટ ફિટીંગવાળા તરુણભાઇ! તરુણભાઇને એક દીકરી ને બે દીકરા છે. દીકરી સાવ અપંગ છે. આપણે એની સર્જરી કરાવી. ઊભી કરી, ચાલતી કરી હતી. પણ પછી પૂરતી કસરત કે શરીરની એવી નબળાઇને લીધે ફરી તે અપંગ થઇ. એટલે આજે જ તરુણભાઇની દીકરી માટે જ એ કવર આપવાનું નક્કી કર્યું પછી રાજુભાઇએ એક વાત કરી. મા, એક વ્હીલચેર જ આપીએ. હેમલભાઇને અમે કહ્યું—એનું ઘર કેવું છે? વ્હીલચેર મૂકાય તેટલું છે? એટલે હવે પેલી રકમ તો અપાશે જ. છોકરીએ બારમા ધોરણની પરીક્ષા આપી છે. એટલે રકમ આપીશું ને સ્વર્ગારોહણમાં જે વ્હીલચેર છે તે જ આપીશું. આટલી નાની—નાની ચોકસાઇ તમારી શ્રી લક્ષ્મીની થતી રહે છે.

સ્વર્ગારોહણની કેવી શાખ છે બજારમાં?

તમે પણ કંઇ લેવા જાવ. (અંબાજીના બજારમાં) ને કહો કે સ્વર્ગારોહણથી આવ્યાં છે. તો તેઓ આપણા ઉપર એટલો બધો વિશ્વાસ મૂકે છે કે તમે વસ્તુ લઇ જાવ પછી પૈસા આપી જજો. એવી જ છાપ જીવનભર આપણે બધાએ ભેગા મળીને સાચવાની છે. નાથાકાકા રોજ શાકભાજી લેવા જાય તો શાકભાજીવાળા કહે, કાકા અમને પણ સ્વર્ગારોહણથી કંઇક

અપાવો ને! ને એટલે જ હમણાં ૧૫૦ બહેનોને આમંત્રણ આપી આપણે એમની પણ હાશ લીધી. ૨૨ માર્ચે જે સત્કર્મ થયું તે—તે બહેનોનું હતું.

દરેકના જીવનનું પહેલું મહત્ત્વનું કામ છે. ઈશ્વરનું દર્શન. તે પછી સેવા. એટલે (મા) તો એક દિવસનું કામચલાઉ પ્રાયોગીક (એકાંત) મૌન ઓગષ્ટમાં ૧૨ કલાક માટે લીધું (૨૦૧૫માં). તે દિવસે પૂ.શ્રીએ લખ્યું. જાગ અને ૭૩ દિવસનું મૌન પૂરું થયું ને ૭૩ દિવસ મોજ કરાવી લીધી. એટલી બધી મજા આવી કે દર વર્ષે આયુષ્યના જેટલાં વરસ તેટલા દિવસ મૌન એકાંત લેવું. આ વર્ષે જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ... દર મહિને સાત દિવસ એકાંત મૌન લેવાનું, તો સાધના થોડી છે. જે ક્ષણો, કલાક, દિવસ, મહિના, વર્ષો મળ્યા છે, તેને સાધનાના શણગારથી સજાવી લેવાના છે. અહીં (સ્વર્ગારોહણમાં) બેલ વાગે તો જમવા જતા હશે, બપોરના વિશ્રામમાં ઊંઘી જતા હશો, તે બધા પણ જાગે. મા જ જાગે એવું નથી, ગવડાવનાર, ગાનાર, જાણનાર, સમજનાર સૌ જાગે. ગયા મહિને જ પૂર્ણ સ્વસ્થ એક ભાઇ અહીં બેઠક પછી પાંચ મિનિટ મળેલા. પૂર્ણ સ્વસ્થ હતા. અમેરિકા ગયા ને ખાંસી માટે ચેક અપ થયું. ફેફસાં કામ કરતા બંધ થયાં. ફેફસા બદલવાની વાત આવી, પંદર દિવસનો સમય આપેલ અને અચાનક શાંત. ગુજરી ગયા. કલ હો ન હો. નહીં ક્ષણ હો ન હો...એટલે નિંદા—ટીકા—ગપ્પાં—ઊંઘ—આળસ, ભટકવાની ટેવ—મનથી કે તનથી—બધું અભરાઇ પર ચઢાવીને સાધના કરી લેવાની છે, જાગવાનું છે. ૧૩ કરોડમાંથી કદાચ ૧૦૦૮ ગરણે ગાળતાં ગાળતાં એક કરોડ જ

જમા કર્યા હશે. પૂ.માએ ૨૦૧૦માં ૧૩ કરોડ જપ પૂર્ણ કર્યા છે. આપણી પાસે તો રજીસ્ટર નથી.

—ઓ હો...હો...હો...અમે તો નવરાત્રીમાં ફરાળ કર્યું. એક ટંક જમ્યા, મૌનવ્રત રાખ્યું. બધી બેઠકમાં હાજરી આપી. એમાંથી ઉપર કેટલું નોંધાતું હશે, કોને ખબર! એટલે સાધનાનો અહંકાર ભૂલેચૂકે પણ મનમાં ના ઉગવા દેવો. બે દિવસમાં અમે તો ૬૦૦ માળા ને પ્રાર્થના કરી શક્યાં. (મૌન એકાંતમાં).

—તમે બધા વિશેષ શું કરી શક્યાં? (એક ભક્તને અનુલક્ષીને)

મા:—આ ધરતીની ઓળખ અહીં જ કામ લાગે. ઉપરવાળો ઓળખીને આપણને બૂમ પાડીને રમવા તેડે એવી ભૂમિકા તૈયાર કરવાની છે. (મા દરેક ભક્તોને પૂછે છે. બે દિવસમાં શું સાધના કરી?)

★ અધ્યાત્મના ગ્રાહકોને સૂચના★

છેલ્લા ઘણા વખતથી શ્રી આશીષભાઈ ગોહિલ **અધ્યાત્મ**ના ગ્રાહકોને માસિક રવાનગી અંગેનું કામ સંભાળે છે. તેથી નીચેની બાબતો અંગે તેમનો સંપર્ક કરવો.

૧. અંક ન મળવાની ફરિયાદ અને ૨. સરનામામાં ફેરફારની જાણ.

તેમનો સંપર્ક નંબર—૯૪૨૮૨૨૨૩૫૭ છે. રજા સિવાયના દિવસોએ શક્ય હોય ત્યાં સુધી ૧૧ થી ૫ સુધીના સમયમાં ફોન ન કરવા વિનંતિ છે, કારણ કે તેઓ કોલેજમાં પ્રોફેસર છે.

—તંત્રી

એક અમેરિકન—જેણે ભારતીય બની આઝાદીની લડતમાં જેલ ભોગવી

—ભવેન કચ્છી

(સાચા લોકસેવક કેવા હોય તેનું એક સરસ ઉદાહરણ કટાર લેખક ભવેન કચ્છીએ ગુજરાત સમાચારની શતદલ પૂર્તિમાં પૂરું પાડ્યું છે. આ સેવક અમેરીકન મિશનરી હતો. તેમનું નામ સેમ્યુઅલ સ્ટોક્સ, જેણે પાછળથી સત્યાનંદ નામ ધારણ કર્યું. જેઓ આવ્યા હતા કૃષ્ઠ રોગીઓની સેવા કરવા. તે માટે તેમણે હિમાલયની ભૂમિ પસંદ કરી. તે દરમ્યાન તેઓ પૂ.ગાંધીજીના પરિચયમાં આવ્યા અને તેમના સેવક અને અનુયાયી બનીને સત્યાગ્રહની લડતમાં જેલમાં પણ ગયા.

એક સાચો લોકસેવક કેવો હોય તેનું સુંદર ઉદાહરણ સત્યાનંદ છે. તેણે હિંદુ ધર્મ અંગીકાર કર્યો એટલું જ નહીં પણ ભારતીય સ્ત્રીની સાથે લગ્ન પણ કર્યાં. તેમની દીકરી આશા શર્માએ એક સરસ પુસ્તક એમના પર લખ્યું છે, જેનું નામ છે ''એન અમેરીકન ઈન ગાંધીઝ ઈન્ડિયા'' વાંચવા જેવું પુસ્તક છે.)

—તંત્રી

હજુ બે દિવસ પહેલાં જ આપણે આઝાદી દિનની ઉજવણી કરતા સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને યાદ કર્યું. આઝાદીના ઈતિહાસમાં એક પાત્ર એવું પણ છે જેની ખાસ નોંધ લેવાઈ.

મજાની વાત એ છે કે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની તે એક માત્ર એવી વ્યક્તિ છે જે અમેરિકન હતી! જેનું નામ હતું સેમ્યુલ્સ સ્ટોકસ. તમને થશે કે અમેરિકન થઈને તેને ભારતને આઝાદી અપાવવામાં એવું તો શું જોમ ચઢ્યું હશે. કેટલાક બ્રિટિશ યુવાયુવતી તે વખતે ગાંધીજીથી પ્રભાવિત થઈને તેમના અનુયાયી અને સમર્થક બન્યા હતા, પણ સ્ટોકસ જે ભારતવર્ષમાં એકમાત્ર અમેરિકન હતા જે બ્રિટિશરો સામે ગાંધીજી જોડે રહીને જંગે ચઢેલા.

ખરેખર તો સ્ટોકસ ભારતમાં કૃષ્ઠ રોગીઓની સારવાર કરવા અને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા આવ્યા હતા. હિમાલય પ્રદેશમાં આવેલ કૃષ્ઠ રોગીઓની સંસ્થા તેમજ ત્યાંના ખેતબગીચાના ગરીબ મજૂરોમાં ચેરિટી મિશનના ધ્યેય સાથે તેમને તેમની અમેરિકાની ફિલાડેલ્ફિયાની સંસ્થાએ મોકલ્યા હતા. પણ આગળ જતાં ગાંધીજીના વ્યક્તિત્વથી આકર્ષાઈને એ હદે તેમની દ્રષ્ટિ બદલાઈ ગઈ કે અહિંસા આંદોલનમાં જોડાઈ ગયા. તેમાં પણ અંગ્રેજો દ્વારા જલિયાવાલા બાગના (૧૯૧૯) નરસંહાર અને ગરીબ ભારતીયોના શોષણને જોઈને તો તેમનું દિલ એ હદે દ્રવી ઉઠ્યું કે ભારત માટે 'પૂર્ણ સ્વરાજ' અને 'ક્વીટ ઈન્ડિયા' તેમના જીવનનું પણ ધ્યેય બની ગયું.

સેમ્યુલ સ્ટોક્સે અમેરિકન હોવા છતાં ભારતને જ કર્મભૂમિ બનાવી. ગાંધીજી જોડે રહીને આઝાદીના જંગમાં જીવન સમર્પિત કર્યું છતાં ભારતમાં ઈતિહાસકારોએ તેની ખાસ નોંધ નથી લીધી. તેનાથી સ્ટોક્સના પૌત્રી આશા શર્માને ભારે ખટકો રહેતો હતો.

જી હા...સ્ટોક્સને હિમાલય પ્રદેશની રાજપુત યુવતી કે જેના પરિવારે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો અને જેનું નામ તે પછી અગ્નેશ રાખ્યું હતું તેની જોડે લગ્ન કર્યા હતાં. તેમની મોટી પુત્રીની પુત્રી એટલે આશા શર્મા. આશા શર્માએ તેમના નાના સેમ્યુલ સ્ટોક્સના આઝાદીના પ્રદાન વિશે છેલ્લા ૧૫—૨૦ વર્ષમાં આઝાદીના અરસાના વડીલો વિશે તેમજ તેમની માતા પાસેથી જાણેલું જે તેણે નોંધી લીધું. તેને ભારે રંજ થયો કે ગાંધીજીના બ્રિટિશ અનુયાયીઓ સહિત સેંકડો નેતાઓ વિશે ભારત અને વિશ્વને પરિચિત કરવાનો ઈતિહાસકારોએ પ્રયત્ન કર્યો છે, પણ સ્ટોક્સ કે જે એકમાત્ર અમેરિકન—સેનાની હતા તેમને અન્યાય કરવામાં આવ્યો છે. આશા શર્માએ આથી જ નવી દિલ્હીની નેશનલ લાઈબ્રેરી, જવાહરલાલ નહેરૂ મેમોરિયલથી માંડી ગાંધીજીના પ્રકાશનોનો સંશોધનાત્મક અભ્યાસ કર્યો અને 'એન અમેરિકન ઈન ગાંધીઝ ઈન્ડિયા' નામનું પુસ્તક લખ્યું. જેની પ્રસ્તાવના દલાઈ લામાએ લખી છે. નહેરુ મેમોરિયલ લાઈબ્રેરીમાં તો ભીંત પર સ્ટોકસની તસવીર પણ લગાવાઈ છે, પણ ખાસ કોઈએ તેમના વિશે જાણવા કુતૂહલ નથી વ્યક્ત કર્યું. માત્ર ૨૨ વર્ષની વયે સ્ટોકસે તેમના ધર્મના—મિશનરી વર્કના પ્રચારના ધ્યેયાર્થે કર્મભૂમિ બનાવવાનું નક્કી કર્યું ત્યારે તેના કુટુંબીઓ એમ માનતા હતા કે ધનાઢ્ય પરિવારમાં ઉછેર થયો હોઈ, સ્ટોકસ એકાદ—બે વર્ષમાં ભારતની ગરીબી, પછાતતા અને હાડમારીથી કંટાળીને પરત આવી જશે. પણ ખરેખર ભારતની આ જ લાક્ષણિકતામાં તેને

જીવનનો ધ્યેય પ્રાપ્ત થયો અને ગાંધીજીના ભારતમાં આગમન થયા બાદ તો સ્ટોક્સ બ્રિટિશરો સામે આઝાદીના આંદોલનમાં પણ જોડાયા અને તેમણે ખાદી ધારણ કરીને ગાંધીજીની જેમ જ જીવનશૈલી અપનાવી. એટલું જ નહીં અંગ્રેજોએ અસહકાર આંદોલનમાં ભાગ લેતા સ્વાતંત્ર્ય સેનાનીઓ જોડે સ્ટોક્સને પણ લાહોરની જેલમાં કેદ કરી દીધા હતા. સ્ટોક્સે છ મહિનાનો જેલવાસ પણ ભોગવ્યો હતો.

વિદેશી હોઈ અંગ્રેજોએ તેમને યુરોપિયનો માટેની કોટડીમાં મુક્યા ત્યારે તેમણે વિરોધ નોંધાવીને એવી માંગણી કરી હતી કે તે પોતાને ભારતીય માને છે અને ભારતીયો માટેની કોટડીમાં જ રાખવામાં આવે.

સૌથી ઉલ્લેખનીય બાબત તો એ બની કે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા આવેલા સ્ટોક્સ ગાંધીજીના પ્રભાવ હેઠળ અને તેમના કહેવાથી હિંદુ સંસ્કૃતિથી આકર્ષાઈ ગયા. તેમણે શરૂમાં વેદો અને ઉપનિષદના અંગ્રેજી ભાષાંતરો વાંચ્યા અને તત્વજ્ઞાનને તેના મુળ સ્વરૂપે માણવા સંસ્કૃત ભાષા શીખીને તેના પર પ્રભુત્વ મેળવ્યું. હવે તેમને લાગ્યું કે મારે હિન્દુ ધર્મી બનવું છે. તેમણે વિધિસર યજ્ઞ–ક્રિયા–કાંડમાં બેસીને હિંદુ ધર્મ અંગીકાર કર્યો અને તેમનું નામ રાખ્યું સત્યાનંદ. તેમની પત્ની કે જેના માતાપિતા ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તિત થતા હતા તેણે તેનું ખ્રિસ્તી નામ અગનેશ બદલી ફરી પ્રિયાદેવી ધારણ કરી લીધું.

પહેલી વખત સ્ટોક્સ ૧૯૦૪માં ૨૨ વર્ષની વયે ભારત આવ્યા હતા. ૧૯૧૪ સુધીમાં બે–ત્રણ વખત તેમના કુટુંબીઓને

મળવા ગયા હતાં. છેલ્લે એકાદ વર્ષ માટે ભારતીય પત્ની અગ્નેશને લઈને તેમના મમ્મી–પપ્પા તેમજ કુટુંબીને મળવા તે ૧૯૧૪માં ગયા. અમેરિકામાં દોઢ વર્ષ રહીને ૧૯૧૬માં ભારત પરત આવ્યા, પણ તે પછી તેઓ ક્યારેય અમેરિકા પરત ગયા જ ન હતા.

ભારતમાં ગાંધીજી, લાલા લજપતરાય, મોતીલાલ નહેરુ, સી.આર. દાસ સહિતના નેતાઓ જોડે તેમને અંગત આત્મિયતા હતી.

સ્ટોક્સ માટે ભાગે તો હિમાલય પ્રદેશમાં જ ગરીબ ખેત મજૂરોને શિક્ષણ આપતા. કૃષ્ઠ રોગીઓની સેવા કરતા અને બ્રિટીશરો હિમાલય પ્રદેશના ખેત મજૂરોનું જે પાશવી શોષણ કરતા તેની સામે હક્ક માટેનો જંગ ખેડતા રહેતા. બ્રિટિશર એવા સી.એફ.એન્ડ્રયુ કે જે ખ્રિસ્તી પ્રચારક હતા તેમણે સ્ટોક્સનો ગાંધીજી જોડે પરિચય કરાવ્યો હતો. ગાંધીજીએ જાણ્યું કે સ્ટોક્સ હિમાલય પ્રદેશમાં મજૂરો માટે બ્રિટીશરો જોડે આંદોલન કરે છે અને સેવા–શિક્ષણના પ્રચારમાં તેમની પત્ની સાથે ભેખ ધરીને રહે છે ત્યારે તેમણે સ્ટોક્સને આઝાદીની લડત, અહિંસાની તાકાત અને હિંદુ તત્વજ્ઞાનથી પરિચિત કરાવ્યા હતા.

ખેત મજૂરોના શોષણ પર સ્ટોક્સે લખેલ લેખ ગાંધીજીએ 'યંગ ઈન્ડિયા'માં (૧૯૨૦) પ્રકાશિત કર્યો હતો. ભારત આખાનું અને બ્રિટિશરોનું આ લેખે ધ્યાન ખેચ્યું હતું....ભાષણો અને મિટિંગોનું સંકલન કરતા સ્ટોક્સ ગાંધીજી જોડે સાબરમતી

આશ્રમમાં પણ રહ્યા હતા. ઘણી વખત ગાંધીજીના વિચારો સામે સ્ટોક્સ દલીલ કરતા હતા પણ ગાંધીજીએ ક્યારેય તેમને હતાશ નહતા કર્યાં.

૧૯૨૧માં સ્ટોકસે લખેલું કે, 'આ વિશ્વમાં ગાંધીજી જેવી બીજી કોઈ વ્યક્તિ હોઈ જ ના શકે.'

ગાંધીજીએ 'યંગ ઈન્ડિયા'માં સ્ટોક્સ માટે લખ્યું હતું કે, 'તેણે જે રીતે ભારતને તેનું ઘર બનાવ્યું છે તેવું કોઈ બ્રિટિશ કે અમેરિકન ના કરી શકે.'

ગાંધીજી જોડે મુંબઈના પરેલમાં (૧૯૨૧)માં વિદેશી કપડાની હોળીના કાર્યક્રમમાં ભાગ લેતા જ તેણે તેના વિદેશી કપડાં આગમાં નાંખીને જીવનભર ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લીધી હતી. ભારતીયો જોડે ઘનિષ્ઠતા કેળવાય, તેમની ગરીબી, શોષિતોની વેદના સમજી શકાય તે માટે તેમણે હિન્દી ભાષા પણ શીખી હતી. તેમના સંતાનોને પણ સાવ સાદગીથી ઉછેરીને તેઓને હિન્દી બોલવાનો આગ્રહ કરતા.

હિમાલય પ્રદેશના કોટગઢમાં જ તેમણે મહત્તમ જીવન તેમના પત્ની અને સંતાનો સાથે વીતાવ્યું. તેમણે ત્યાં એક શાળા તેમજ હિંદુ મંદિર પણ ખોલ્યું હતું. હિમાલય પ્રદેશમાં બ્રિટિશરો બ્રિટનથી લાવેલા સફરજનના બીજ—છોડને લાવીને મજૂરો પાસે ખેતી કરાવતા હતા. સ્ટોક્સ ૧૯૧૪માં છેલ્લી વખત અમેરિકા ગયા હતા ત્યારે ફિલાડેલ્ફિયાથી અમેરિકન સફરજનના રોપા હિમાલય પ્રદેશમાં લઈ ગયા હતા. ખેડૂતોને પગભર બનાવતા આવા રોપાનું દાન કર્યું. હિમાલયથી જે પણ સફરજન આપણે

વિશ્વમાં નિકાસ કરીએ છીએ તેના પાયામાં સ્ટોક્સ છે. બ્રિટિશરોએ તે પછી સ્ટોક્સની પાછળ જાસુસ ગોઠવ્યો હોવાનું મનાતું હતું. તેમનો ભારતના શોષિતો માટેનો કેવો પ્રેમ હશે, તેની કલ્પના કરો.

હિમાલય પ્રદેશમાં બધા તેમને 'સાહિબજી, સ્ટોક્સ સાહિબ, સત્યાનંદજી કે મિસ્ટર સ્ટોક્સ તરીકે સંબોધન કરતા હતા. ૧૯૭૪માં કોટગઢમાં સ્ટોક્સ મેમોરિયલ ફાર્મર્સ એશોસિએશનની સ્થાપના કરવામાં આવી હતી.'

તે ખાદીની બંડી, ધોતી કે લેંઘો અને માથે ગાંધી ટોપી પહેરીને ખેત મજૂરો તેમજ તેના સંતાનોને ઝાડ નીચે બેસીને શિક્ષણ આપતા હતા.

૧૬ ઓગસ્ટ, ૧૮૮૨માં ફિલાડેલ્ફિયામાં જન્મેલ સ્ટોક્સ ભારતને આઝાદ થતા જોઈ નહતા શક્યા. ટુંકી બીમારી બાદ ૧૪ મે, ૧૯૪૬ના રોજ ૬૪ વર્ષની વયે જ તેમનું નિધન થયું હતું. ગાંધીજીએ પણ તેમને ભગ્ન હૃદયે અંજલી આપીને ભારતના દેશભક્ત જેવું માન આપ્યું હતું. સ્ટોક્સ તેમને ખેડૂત તરીકે ઓળખાવું વધુ પસંદ કરતા. તેમનું જીવન ખેતમજૂરો માટે સમર્પિત પણ હતું જ. આઝાદીની લડત માટે બનેલી ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટિમાં સ્ટોક્સ એક માત્ર અમેરિકન સભ્ય હતા.

આશા શર્મા કહે છે કે, સ્ટોક્સ માટે એવું કહી શકાય કે, 'કેમ ટુ ટીચ એન્ડ સ્ટેયડ ટુ લર્ન.' (ભણાવવા આવ્યા અને શીખવા માટે રહી ગયા.)

શું ઈશ્વર જેવું કંઈ હશે ખરું?

ડૉ. શરદ ઠાકર

ગાયનેકોલોજિસ્ટ ડો. ગોરડિયાનું મગજ મગજ મટીને પ્રેશર કૂકરની સિસોટી મારતી વરાળ છોડવા માંડ્યું. વાલી વાઘરણ એમને સાડા ત્રણ હજારમાં નવડાવી ગઈ. જાણી જોઈને, પાકી ગણતરીપૂર્વક, ડોક્ટરનું મુંડન કરી નાખવાની સંપૂર્ણ સભાનતા સાથે છેતરી ગઈ.

સાવ અણધારી ઘટના બની ગઈ, નહીંતર ડોક્ટર છેતરાઈ જાય નહીં. સવારના પહોરમાં હજુ તો પાછોતરી મીઠી નીંદર માણી રહ્યા હતા, ત્યાં જ અચાનક નર્સિંગહોમમાંથી નર્સનો ફોન આવ્યો હતો તો ટેલિફોન પર નર્સનો મેસેજ ટેલિગ્રાફિક હતો, ''અનરજિસ્ટર્ડ, અનબુક્ડ પેશન્ટ. ઈમરજન્સી કેસ ઓફ ડિલિવરી. કમ સૂન.'' જો સહેજ મોડા પડશો, તો તમે આવશો એ પહેલાં બાળક આવી જશે.

ડોક્ટર હજી તો આંખો ચોળીને મામલાનો ક્યાસ કાઢવા જતા હતા. ત્યાં જ ટેલિફોનના ભૂંગળામાંથી દર્દીની જોરદાર ચીસ સંભળાણી. અનુભવી ડોક્ટર દર્દીની ચીસનું પણ એનેલિસિસ કરી શકતા હોય છે. પ્રસૂતાની ચીસ—ચીસમાં ફરક હોય છે! ડો. ગોરડિયા પામી ગયા, 'આ ચીસ ફૂલ ડાયલેટેશન પછીની પીડામાંથી ફૂટેલી ચીસ છે. હવે પછીની પાંચમી ચીસે બાળકનો જન્મ થઈ જવો જોઈએ.'

એ પથારીમાંથી કૂદ્યા. નર્સિંગહોમ એમના બંગલાથી બે જ મિનિટના અંતરે આવેલું હતું. ડો ગોરડિયા સ્લીપર્સ પહેરીને રાત્રિ વેશમાં જ લેબર રૂમમાં દોડી ગયા. મામલો એમની ધારણા કરતાંયે વધુ ગંભીર હતો.

નર્સે માહિતીનો ખડકલો ઠાલવી દીધો, 'પાંચમી સુવાવડ...ઊંધું બાળક...પાંચ ગ્રામ હિમોગ્લોબિન...જનરલ હોસ્પિટલમાં નામ નોંધાવેલું હતું...પણ અચાનક આપણા નર્સિંગહોમમાં આવી ને...'

'વ્હોટ નોનસેન્સ?' ડોક્ટર ગોરડિયા તાડૂક્યા, 'મેં તમને લાખ વાર કહ્યું છે કે જ્યાં સુધી હું પેશન્ટને તપાસું નહિ, ત્યાં સુધી કોઈ પણ કેસને એડમિટ નહીં કરી દેવાનો! પાંચમી સુવાવડ અને પાંચ ગ્રામ હિમોગ્લોબિન, પેશન્ટને ડિલિવરી પછી નોર્મલ કરતાં થોડોક વધુ રક્તસ્રાવ થશે તો સીધી ઉપર પહોંચી જશે, અને એની આર્થિક સ્થિતિ પણ જોવી જોઈએ ને! બહાર એનાં સગાંનું ટોળું બેઠેલું છે એ ન જોયું? પંદર જણાને ઊંધા કરીને ખંખેરો તોય પંદર રૂપિયા ન ખરે!'

નર્સ બિચારી લેવાઈ ગઈ, 'આઈ એમ વેરી સોરી, સર! પણ હું શું કરું? હું એમને અટકાવું એ પહેલાં તો આ બાઈ દોડતી ચીસો પાડતી સીધી લેબરરૂમમાં જ ઘૂસી ગઈ! પણ તમને એમ લાગતું હોય કે આ કેસ સ્વીકારવા જેવો નથી, તો હજી પણ સમય છે, આપણે એને કાઢી મૂકીએ...'

એ સાથે જ એક ભયંકર અને આખરી ચીસ! એક જાડું, તંદુરસ્ત બાળક રોકેટમાંથી છૂટતા ધૂમાડાની જેમ બહાર ફેંકાયું. ઈશ્વર પણ જબરો કાવતરાખોર છે. જે ગરીબ વાઘરણને ઘરે દાયણ દ્વારા થતી સુવાવડ પણ ન પરવડે એની પ્રસુતિ કુશળ, ખ્યાતનામ, ગાયનેકોલોજિસ્ટના એક કરોડ રૂપિયાના નર્સિંગહોમમાં પાર પાડી દીધી!

હવે ડો. ગોરડિયા પાસે બીજો કોઈ વિકલ્પ જ બચ્યો ન હતો, અને કૉમ્પ્લિકેશન પણ ધારણા અનુસાર થઈને જ રહ્યું. રક્તનો

ધોધ છૂટ્યો, જે અટકાવવા માટે ગ્લુકોઝના બાટલા, નળી, ઈન્જેક્શનો અને ઓપરેટિવ સારવાર પણ ખરી જ. પૂરા બે કલાકના અંતે ખાતરી થઇ કે વાલી વાઘારણ હવે મરશે નહીં. વાલી જીવી ગઇ, પણ મરી ગયા ડૉક્ટર. બે દિવસ બાદ દર્દીને ડિસ્ચાર્જ કરવાની ઘડી આવી પહોંચી, ત્યારે પાંચ હજારના બિલ સામે વાલીનો વર માત્ર પંદરસો રૂપિયા આપીને ઊભો રહી ગયો, ‘આનાથી વધુ એક પાઇ પણ નહીં આલું! મારી પાહેં હોવા જોઇએ ને, સાહેબ! પંદર જણા કનેથી ઊછીના માગીને લાયો છું. લેવા હોય તો લો, નહીતર....’ આટલું બોલતામાં તો એ પાછો વળીને ચાલવા મંડ્યો. ડૉક્ટરે એની પાછળ દોડીને પંદરસો રૂપિયાની માતબર રકમ સ્વીકારી. પણ પાંત્રીસો રૂપિયાનો વસવસો મનમાંથી ગયો નહીં. પૂરા અડતાલીસ કલાક સુધી એ ઈશ્વરની અદાલતમાં એફ.આઇ.આર. નોંધાવતા રહ્યા, ‘હે ભલા ભગવાન! મારો કંઇ વાંક—ગુનો ખરો? આવા સાવ ગરીબ દર્દીઓ જનરલને બદલે પ્રાઈવેટ નર્સિંગ હૉમમાં મોકલી આપવા તને શરમ પણ નથી આવતી? તારા ચોપડામાં કંઇ જમાઉધારનો મેળ હોય છે કે નહીં?’

ઈશ્વર જેવું છે કે નહીં એની કોને ખબર? પણ જો હશે, તો અવશ્ય એના કાને ડૉ. ગોરડિયાની ફરિયાદ અથડાતી હશે, કારણ કે માત્ર બે દિવસ પછી એના હિસાબનું પાનું બદલાયું ખરું!

વાલી કરતાં તદ્દન ઊલટા પ્રકારનો કેસ. બીજી સુવાવડ. ધનવાન કુટુંબની તંદુરસ્ત યુવતી. હિમોગ્લોબિનનું પ્રમાણ સાડા તેર ગ્રામ, પહેલેથી નોંધણી કરાવેલી, એટલે ડૉક્ટર માનસિક રીતે સજ્જ હતા, અને સમય પણ બપોરના બાર વાગ્યાનો. ડૉ. ગોરડિયા કન્સલ્ટિંગ માટે બેઠા હતા, ત્યારે જ વર્ષા દાખલ થઇ. સાવ આસાનીથી સુવાવડ પતી ગઇ. સાડા બારે તો માતા અને

બાળક વોર્ડમાં હતાં. ચોવીસ કલાકમાં તો પેશન્ટને રજા આપવાનો સમય થઇ આવ્યો. વર્ષાનો વર બિલ્ડર હતો. સૂરતનો વતની હતો. ખૂબ કમાયેલો હતો. આવીને બોલ્યો, ‘ડૉક્ટર, બિલ બનાવો!’

ડૉ. ગોરડિયા મૂંઝાયા. કેટલું બિલ બનાવવું? માંડ હિંમત કરીને બે હજાર રૂપિયાનું બિલ બનાવ્યું. બિલ્ડરે હજાર—હજારની બે નોટ ચૂકવી દીધી. પછી ટેબલ પર એક ચાવી મૂકીને ચાલતો થયો. ‘એય મિસ્ટર! આ ચાવી...તમારી જ છે ને? ભૂલી ગયા કે શું?’ ‘ડૉ. ગોરડિયાએ એને રોક્યો, ટોક્યો અને ચાવી તરફ ઈશારો કર્યો.’

‘ભૂલી નથી ગયો, સર, આપી ગયો છું! બહાર સેન્ટ્રો કાર પડી છે. પેટીપેક. બાળકના જન્મ માટેની માનતા હતી, જો દીકરી જન્મશે તો બે ગાડીઓ ભેટમાં આપવી, એક મંદિરમાં અને એક તમને! ના ન પાડશો અને સાહેબ, અમારા જેવા માલદાર બકરા હાથમાં આવે ને, તો ક્યારેય આવા બે હજાર રૂપરડીના બિલો ન બનાવશો અમારેય કંઇ આબરૂ જેવું હોય કે નહીં?’ અને એ ચાલતો થયો.

ડૉ. ગોરડિયા હાથમાં ચાવીને રમાડતાં ઉપરની દિશામાં જોઇને બબડી રહ્યા, ‘હે ભલા ભગવાન! તું પણ જબરો ખેલાડી છે! તારા હિસાબી ચોપડામાં જમા—ઉધારનાં ખાનાં સાવ આવાં જ છે? માત્ર બે જ દિવસમાં સાડા ત્રણ હજારના સાડા ત્રણ લાખ કરી આપ્યા? આમાં ટકાવારી મારે કેટલી ગણવી?’

ઈશ્વર જેવું ખરેખર કશુંયે હશે કે નહીં એ કોને ખબર? પણ જો હશે, તો? ઈશ્વર ડૉક્ટરની વાત સાંભળીને અવશ્ય હસ્યા હશે ! (સત્ય ઘટના)